પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ   વર્ષ : ૨૮   અંક : ૮૦   કુલ પાના : ૪   તારીખ : ૨૫-૧૧-૨૦૨૪ સોમવાર   કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## સંભલમાં પથ્થરમારો, ૧૦ની અટકાયત, ૨ના મોત, સપા, બસપાનો સરકાર પર આરોપ



નવીદિલ્હી,
સંભાલની જામા મસ્જિદમાં કોર્ટના આદેશ પર રવિવારે બીજી વખત સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી હતી, પરંતુ તે દરમિયાન તોફાની તત્વોએ પથ્થરમારો શરૂ કર્યો હતો, ત્યારબાદ પોલીસે ટોળાને વિખેરવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા હતા અને હળવા બળનો ઉપયોગ કર્યો હતો. અધિકારીઓએ આ માહિતી આપી હતી. એક અધિકારીએ જણાવ્યું કે ૧૦ લોકોની અટકાયત કરવામાં આવી છે અને હિંસાની તપાસ શરૂ કરવામાં આવી છે. તેણે જણાવ્યું કે કેટલાક લોકોએ રસ્તાની બાજુમાં પાર્ક કરેલી મોટરસાઈકલને આગ લગાડવાનો પણ પ્રયાસ કર્યો હતો. સ્થાનિક કોર્ટના આદેશ પર ગત મંગળવારે જામા મસ્જિદનો સર્વે કરવામાં આવ્યો હતો, ત્યારબાદ છેલ્લા કેટલાક દિવસોથી સંભલમાં તણાવ છે. વાસ્તવમાં, સ્થાનિક કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે પહેલા જે જગ્યાએ જામા મસ્જિદ સ્થિત છે ત્યાં હરિહર મંદિર હતું.

સ્થાનિક વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, કોર્ટના આદેશ હેઠળ, 'એડવોકેટ કમિશનર' એ સવારે ૭ વાગ્યાની આસપાસ વિવાદિત સ્થળ પર બીજી વખત સર્વેનું કામ શરૂ કર્યું અને આ દરમિયાન સ્થળ પર ભીડ એકઠી થવા લાગી. પોલીસ અધિક્ષક કૃષ્ણ કુમાર વિશ્નોઈએ કહ્યું, 'ઘટના સ્થળ પાસે એકઠા થયેલા ભીડમાંથી કેટલાક બદમાશો બહાર આવ્યા અને પોલીસ ટીમ પર પથ્થરમારો કર્યો. પોલીસે સ્થિતિને કાબૂમાં લેવા હળવો બળપ્રયોગ કર્યો અને ટીયર ગેસના સેલ છોડ્યા. પોલીસ અધિક્ષકે કહ્યું કે ડ્રોન અને સીસીટીવી ફૂટેજ દ્વારા લોકોની ઓળખ કરવામાં આવશે. તેમણે કહ્યું કે પથ્થરમારામાં ઘણા પોલીસકર્મીઓ ઘાયલ થયા છે, જેમાંથી એક કે બે પોલીસકર્મીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે પથ્થરમારો કરનારા અને તેમને ઉશ્કેરનારા લોકોની ઓળખ કરવામાં આવશે અને તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

જિલ્લા મેજિસ્ટ્રેટ રાજેન્દ્ર પેસિયાએ કહ્યું, 'અમે પથ્થરબાજીની ઘટનાના સંબંધમાં લગભગ ૧૦ લોકોની અટકાયત કરી છે. તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. પેસિયાએ પત્રકારોને કહ્યું કે બદમાશો વિખેરાઈ ગયા છે અને હવે તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

સંભલમાં પથ્થરમારો અને આગચંપી અંગે રાજ્યના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) પ્રશાંત કુમારે કહ્યું, 'સંભાલમાં સ્થિતિ નિયંત્રણમાં છે અને અમે સ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ. તમામ સ્થાનિક પોલીસ અને વહીવટીતંત્રના અધિકારીઓ સ્થળ પર છે. ટૂંક સમયમાં જ અસામાજિક તત્વોની ઓળખ કરી તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. સંભલમાં સર્વે સ્થળ પાસે પોલીસ પર કથિત રીતે પથ્થરમારો કરતા યુવકોનો વીડિયો સાર્વજનિક થયો છે. સુપ્રીમ કોર્ટના એડવોકેટ અને આ કેસમાં અરજદાર વિષ્ણુ શંકર જૈને પત્રકારોને જણાવ્યું કે, 'સિવિલ જજ (વરિષ્ઠ વિભાગ) ચંદૌસીના આદેશ પર 'એડવોકેટ કમિશનર'એ સવારે ૭.૩૦ થી ૧૦ વાગ્યા સુધી સર્વેની કામગીરી પૂર્ણ કરી, વિડિયોગ્રાફી અને ફોટોગ્રાફી કરવામાં આવી હવે 'એડવોકેટ કમિશનર' ૨૯મી નવેમ્બર સુધીમાં કોર્ટમાં પોતાનો રિપોર્ટ રજૂ કરશે. અગાઉ જૈને કહ્યું હતું કે સિવિલ જજ (વરિષ્ઠ વિભાગ)ની અદાલતે જામા મસ્જિદના સર્વે માટે 'એડવોકેટ કમિશન'ની રચના કરવાની સૂચના આપી છે. તેણે કહ્યું હતું કે, કોર્ટે રિપોર્ટ દાખલ કરવા માટે સૂચના આપી છે. જૈને ગયા મંગળવારે કહ્યું હતું કે મસ્જિદ સંબંધિત અરજીમાં કેન્દ્ર અને ઉત્તર પ્રદેશ સરકાર, મસ્જિદ સમિતિ અને સંભલના જિલ્લા મેજિસ્ટ્રેટને પક્ષકાર બનાવવામાં આવ્યા છે.

હિંદુ પક્ષના સ્થાનિક વકીલ ગોપાલ શર્માએ શુક્રવારે કહ્યું કે કોર્ટમાં દાખલ કરવામાં આવેલી તેમની અરજીમાં કહેવામાં આવ્યું છે કે 'બાબરનામા અને ઈન-એ-અકબરી પુસ્તકમાં એવો ઉલ્લેખ છે કે જ્યાં જામા મસ્જિદ આવેલી છે. આજે એક સમયે હરિહર મંદિર હતું.' તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ૧૫૨૯માં મુગલ સમ્રાટ બાબર દ્વારા મંદિરને તોડી પાડવામાં આવ્યું હતું. સમાજવાદી પાર્ટી (જીઁ)ના સાંસદ ઝિયા ઉર રહેમાન બર્કે આ ઘટનાક્રમ સામે વાંધો વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું, 'સંભાલની જામા મસ્જિદ ઐતિહાસિક અને ઘણી જૂની છે. સુપ્રીમ કોર્ટે ૧૯૯૧માં એક આદેશમાં કહ્યું હતું કે ૧૯૪૭થી ધાર્મિક સ્થાનો જે પણ સ્થિતિમાં છે, તેઓ તેમના સ્થાનો પર જ રહેશે. આ મામલામાં આગામી સુનાવણી ૨૯ જાન્યુઆરીએ થશે. આ હિંસામાં અત્યાર સુધીમાં ૨ લોકોના મોત થયા છે. સીઓ અનુજ ચૌધરીએ આ વાતની પુષ્ટિ કરી છે. બસપા ચીફ માયાવતીએ આ મામલે પ્રશાસનને જવાબદાર ઠેરવતા કહ્યું કે આ બધું તેમની નિષ્ફળતાને કારણે થયું છે. જ્યારે સપા પ્રમુખ અખિલેશ યાદવે કહ્યું કે આ જાણી જોઈને કરવામાં આવ્યું છે.

## મહારાષ્ટ્રમાં પરાજય બાદ સંજય રાઉતના પૂર્વ સીજેઆઈ ચંદ્રચૂડ પર ગંભીર આક્ષેપ, કહ્યું- ઈતિહાસ તેમને માફ નહીં કરે



મુંબઈ,
મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે. મહાયુતિ ગઠબંધનને મોટી જીત મળી છે જયારે મહાવિકાસ અઘાડીને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. આ પરિણામને લઈને હવે ઉદ્ધવ જૂથની શિવસેનાના નેતા સંજય રાઉતનું નિવેદન સામે આવ્યું છે. સંજય રાઉતે મહાવિકાસ અઘાડીની હાર માટે પૂર્વ મુખ્ય ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા ડી. વાય. ચંદ્રચુડને જવાબદાર ગણાવ્યા છે.

સંજય રાઉતે મીડિયા સાથે વાતચીત દરમિયાન કહ્યું, 'મહારાષ્ટ્રના જે પરિણામ સામે આવ્યા તે ખૂબ જ ચોંકાવનારા છે. કોઈની લહેર નહોતી, કોઈને આવા પરિણામની આશા નહોતી. મહારાષ્ટ્ર નરેન્દ્ર મોદી અને અમિત શાહને મત શા માટે આપે? મહારાષ્ટ્રમાં આખોય ચૂંટણી પ્રચાર નરેન્દ્ર મોદી અને અમિત શાહની વિરોધમાં ચાલ્યો. કારણકે, તેઓએ મહારાષ્ટ્રના ઉદ્યોગને ગુજરાતમાં શિફ્ટ કરી દીધાં. શું લોકો તેમને મત આપે? મહારાષ્ટ્રમાં ખેડૂતોની હત્યા થઈ. મહારાષ્ટ્રમાં બેઈમાની થઈ રહી છે.'

ચંદ્રચુડ પર મોટો આરોપ લગાવતા સંજય રાઉતે કહ્યું, 'જે પરિણામ આવ્યા, તેના માટે જવાબદાર ફક્ત પૂર્વ સી.જે.આઈ ડી. વાય. ચંદ્રચુડ છે. તેઓએ સમયસર પોતાનો નિર્ણય ન આપ્યો, ચુકાદો ન આપ્યો. ૪૦ લોકોએ બેઈમાની કરી હતી. જે પાર્ટી ચૂંટાઈને આવી હતી, તે ચાલીને બીજી પાર્ટીની સત્તામાં જતા રહ્યાં. તમારી જવાબદારી છે બંધારણની રક્ષા કરવી. તમે જો ચુકાદો આપ્યો હોત તો આગળ કોઈ હિંમત ન કરત. તમે બારી-દરવાજા ખુલ્લા રાખીને ત્યાંથી નિવૃત્ત થઈ ગયાં. હવે કોઈપણ પ્રકારે પાર્ટી બદલી શકાય છે અથવા પોતાની પાર્ટી છોડીને સરકાર બનાવી શકાય છે. ઈતિહાસ ચંદ્રચુડ સાહેબને ક્યારેય માફ નહીં કરે.'

જણાવી દઈએ કે, મહાયુતિ ગઠબંધનને મહારાષ્ટ્રમાં ૨૩૪ બેઠકો પર જીત મળી છે. જોકે, મહાવિકાસ અઘાડીને ફક્ત ૫૦ બેઠકો પર જીત મળી છે. મહાયુતિમાં સામેલ ભાજપને ૧૩૨, શિવસેનાને ૫૭ અને એનસીપીને ૪૧ બેઠકો પર જીત મળી છે.

## માઉન્ટ આબુમાં પારો પાંચ ડિગ્રીએ પહોંચ્યો, હવે દિવસ દરમિયાન પણ ઠંડી વધી

જયપુર,
આગામી ત્રણ દિવસ સુધી રાજ્યમાં હવામાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. હવે માત્ર રાત્રે જ નહીં પરંતુ દિવસના સમયે પણ ઠંડીની અસર વધવા લાગી છે. ગંગાનગર, હનુમાનગઢ, સીકર, ચુરુ અને ઝુનઝુનુમાં હળવાથી મધ્યમ ધુમ્મસની સંભાવના છે. વાહનચાલકોને ખાસ તકેદારી રાખવાની સલાહ આપવામાં આવી છે. તે જ સમયે, માઉન્ટ આબુ રાજ્યનો સૌથી ઠંડો વિસ્તાર છે.

આજે રાજસ્થાનમાંથી પસાર થતા મોટાભાગના રાષ્ટ્રીય રાજ્ય માર્ગો પર ધુમ્મસની અસર જોવા મળી છે. જયપુર હવામાન કેન્દ્રના જણાવ્યા અનુસાર, દ્વઉઁ-૧૧ પર જયપુર-ભરતપુર, જયપુર-સીકર અને સીકર-બીકાનેરમાં ધુમ્મસની ચેતવણી છે.એનએચ-૮ પર જયપુર-અલવર રૂટ પર ધુમ્મસનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે.એનએચ-૧૫ પર બિકાનેર-હનુમાનગઢ રૂટ અને એનએચ-૬૫ પર નાગૌર-ચુરુ રૂટ પર ધુમ્મસની ચેતવણી જારી કરવામાં આવી છે.

હિલ સ્ટેશન માઉન્ટ આબુ રાજ્યનો સૌથી ઠંડો વિસ્તાર છે. અહીં લઘુત્તમ તાપમાન ૫ ડિગ્રી સેલ્સિયસ છે. તે જ સમયે, સિરોહીમાં લઘુત્તમ તાપમાન ૧૦.૬ ડિગ્રી, ફતેહપુરમાં ૮.૪, સીકરમાં ૧૧.૮, જાલોરમાં ૮.૭, ભીલવાડામાં ૯.૪, ચિત્તોડગઢમાં ૯.૬ અને ચુરુમાં ૧૦.૨ ડિગ્રી હતું. ફલોદી હજુ પણ રાજસ્થાનનો સૌથી ગરમ વિસ્તાર છે. અહીં લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીની ઉપર યથાવત છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં લઘુત્તમ તાપમાન ૧૭.૪ ડિગ્રી નોંધાયું હતું. બાડમેર, જેસલમેર, બિકાનેરમાં લઘુત્તમ તાપમાન ૧૪ થી ૧૫ ડિગ્રી સેલ્સિયસની નજીક નોંધાયું હતું. રાજધાની જયપુરની વાત કરીએ તો અહીં લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં લઘુત્તમ તાપમાનમાં લગભગ ૨ ડિગ્રીનો વધારો થયો છે.

## કચ્છમાં દાણચોરીના વધુ એક કેસમાં ઉપલેટાના ત્રણ શખ્સો ૧.૬૧ કરોડની સોપારી સાથે પકડાયા

ભુજ,
કચ્છમાંથી વધુ એક વખત સોપારીની દાણચોરી ઝડપાઈ છે. કેન્દ્ર સરકારની આયાત નિકાસ નીતિનો ગેરલાભ લઈ કરાતી દાણચોરીની પ્રવળત્તિ ઉપર અંકુશ લાવવામાં એજન્સીઓ ઊણી ઉતરી રહી છે. આ વખતે કસ્ટમ દ્વારા ક્લિયર કરાયેલા કન્ટેનરમાથી પોલીસે દાણચોરી ઝડપી પાડતા કસ્ટમ ની કામગીરી ફરી એક વખત ચર્ચાનું કેન્દ્ર બની છે. પૂર્વ કચ્છ એલસીબી પોલીસે ગાંધીધામના ચુડવા ગામ પાસે હાઈવે ઉપર પાર્કિંગ પ્લોટમાં ઉભેલ બે ટ્રેઈલરની તપાસ કરતા તેમા રોક સોલ્ટ સિંધાલૂણ મીઠાને બદલે ૫૩૯૫૦ કિલો સોપારીનો જથ્થો નીકળી પડ્યો હતો.

મુન્દ્રા પોર્ટ ઉપર દુબઈથી ઉતરેલ આ સોપારીનો જથ્થો જેની બજાર કિંમત ૧.૬૧ કરોડ રૂ. થાય છે એ અમદાવાદ મોકલવાનો હતો. સોપારીની દાણચોરીના આ કિસ્સાની સુરક્ષાની દ્રષ્ટીએ ગંભીરતા એ છે કે તે મુન્દ્રા પોર્ટ ઉપર કસ્ટમે ક્લિયર કરેલ ક્ન્ટેનર હતા અને તે જથ્થો પોલીસે ઝડપી પાડયો. પોલીસે આ દાણચોરીના માલની હેરફેર કરનાર મુખ્ય શખસ હાલે ગાંધીધામ, કચ્છમાં રહેતા જુનેદ યાકુબ નાથાણી (મૂળ રહેવાસી ઉપલેટા, કટલેરી બજાર, ધંધુશાપીરની દરગાહ પાસે) ઝડપી પાડ્યો છે. જુનેદ કંડલા ફ્રી ટ્રેડ ઝોન કાસેઝમાં સેક્ટર ૪, શેડ ન. ૨૭૮ માં અનિતા એક્સપોર્ટ નામે કંપની ચલાવે છે. તેના ભાઈ જાવેદની પત્ની નઝીરાબેન જાવેદ નાથાણીને નામે કંડલા ફ્રી ટ્રેડ ઝોન કાસેઝમાં સેક્ટર ૪, પ્લોટ ન.૪૧૯ માં એફ.એન. ઈમ્પેક્સના નામે ગોડાઉન પણ છે. આ ગોડાઉનમાં વિદેશથી આવતા ખજૂર, મીઠું કે અન્ય માલસામાન રખાય છે.

જુનેદની પૂછપરછ દરમ્યાન તે થોડા સમય પહેલા મુંબઈમાં રિયાઝ મેમણ ને મળ્યો હોવાનું અને તેની સાથે મળી દાણચોરીનું આ ષડયંત્ર રચ્યું હોવાનું જાણવા મળ્યું છે. રિયાઝને દુબઈથી સોપારીને બદલે રોક સોલ્ટનું બીલ બનાવવાનું કહી આ જથ્થો દુબઈથી અનંત સ્ટાર એલએલસી પાસેથી એફ.એન. ઈમ્પેક્સ કાસેઝ કંડલાના નામે આયાત કરાયો હતો. બે ક્ન્ટેનર મુન્દ્રા પોર્ટ ઉપર ઉતર્યા બાદ તેનું જુનેદ દ્વારા કસ્ટમ ક્લિયર કરાવી લઈ ગૌતમ ટ્રાન્સપોર્ટનો કોન્ટેક્ટ કરી બે ટ્રેઈલર ભાડેથી લઈ આ માલ અમદાવાદ લઈ જવા ગોઠવણ કરી હતી. દરમ્યાન પોલીસે ગૌતમ ટ્રાન્સપોર્ટના પાર્કિંગ પ્લોટ ઉપર થી જ બે ૧.૬૧ કરોડની ૫૩૯૫૦ કિલો સોપારી સાથે બે ક્ન્ટેનર ઝડપી લીધા હતા.પોલીસે સ્થળ ઉપરથી દાણચોરીથી સોપારી આયાત કરનાર જુનેદ યાકુબ નાથાણી ઉપરાંત બે ટ્રેઈલરના ડ્રાઈવરો વિશાલ જાટવ અને બાબુલાલ ગુર્જરને ઝડપી પાડ્યા હતા. આ ઉપરાંત પોલીસે સોપારીની દાણચોરીના આ ગુનામાં મહિલા આરોપી નઝીરા જાવેદ નાથાણી મેમણ (હાલે ગાંધીધામ), રિયાઝ મેમણ (મુંબઈ) એમ કુલ ૫ આરોપીઓ સામે અલગ અલગ કલમો તળે ગુનો નોધ્યો છે. જેમાંથી ત્રણને ઝડપી લીધા છે. પૂર્વ કચ્છ એલસીબીના પીઆઈ એન.એન. ચુડાસમા પીએસઆઈ એમ.વી. જાડેજા અને સ્ટાફે આ કામગીરી પાર પાડી હતી.

જોકે, દાણચોરી દ્વારા દેશ સાથે ગદ્દારી કરતા દેશદ્રોહી તત્વો સામે કસ્ટમ, ડીઆરઆઈ ઉપરાંત અન્ય એજન્સીઓની સયુંક્ત તપાસ કરી દાણચોર સિડિકેટની આખી ચેઈન તોડવા માટે મક્કમ કામગીરી જરૂરી છે. આ વખતે ઉપલેટા નું કનેક્શન ખૂલ્યું છે અગાઉ કચ્છમાંથી ઝડપાયેલ સોપારી દાણચોરી પ્રકરણમાં રાજકોટ, જામનગર નું કનેક્શન ખુલી ચૂકયું છે.

## ગુજરાતમાંથી વધુ એક નકલી અધિકારી ઝડપાયો, સરકારી બાબુ હોવાની ઓળખ આપી લાખોની ઠગાઈ કરી



અમદાવાદ,
ગુજરાતમાં નકલી પોલીસ અધિકારી, જજ, કોર્ટ સહિત નકલીની ભરમાર વચ્ચે અમદાવાદમાંથી વધુ એક નકલી અધિકારી ઝડપાયો છે. મેહુલ શાહ નામનો આરોપી અસારવાની સ્કૂલના ટ્રસ્ટી હોવાનું અને મહેસૂલ વિભાગમાં પ્રમોશન થયું હોવાનું કહીને ભાડે ગાડી લઈ છેતરપિંડી આચરતો હતો. જોકે, ભાંડો ફૂટતા સરકારી અધિકારી હોવાનો રોફ જમાવીને ફરી રહેલા મેહુલ શાહની પોલીસે ધરપકડ કરી છે.

મળતી માહિતી અનુસાર, શહેરના પાલડીના ફતેપુરામાં રહેતા પ્રતિક શાહ ગાડી ભાડે આપવાનું કામ કરે છે. તેમની પાસેથી આરોપી મેહુલે સરકારી વિભાગમાં ઊંચી પોસ્ટ પર અધિકારી હોવાનું કહીને ડ્રાઈવર સાથે ગાડી માગી હતી. પ્રતિકે આરોપી મેહુલ શાહને ગાડી ભાડે આપી હતી. બાદમાં કાર પર સાયરન, સફેદ પડદા અને ભારત સરકારનું સ્ટીકર લગાવવાનું કહેતા પ્રતિકે મેહુલ શાહ પાસે તે માટેનો પરમિશન લેટર માગ્યો હતો. આરોપી મેહુલે ગૃહ મંત્રાલય, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ ડેવલપમેન્ટ, સચિવ ગૃહ મંત્રાલય, ગાંધીનગરનો લેટર આપીને સાયરન અને સરકારનું સ્ટીકર લગાવડાવ્યું હતું. આરોપી મેહુલ શાહે મહેસૂલ વિભાગમાં પ્રમોશન થયાનું કહીને બીજી ગાડી માગી હતી. ત્યારે પ્રતિકે સરકારનો વર્ક ઓર્ડરનો લેટર માગતા આરોપીએ ખોટો લેટર પણ આપ્યો હતો. બાદમાં ગાડી પર બોર્ડ ચેરમેન અને ભારત સરકાર લખાવીને ૯૦ હજાર ભાડું ન આપીને ઠગાઈ આચરી હતી. આ મામલે ક્રાઈમ બ્રાંચને જાણ થતાં ગુનો નોંધી આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.આરોપી મેહુલ શાહે ફક્ત કાર ભાડે આપનારને જ નહીં અન્ય લોકોને પણ છેતર્યા હોવાની માહિતી મળી છે. મેહુલ શાહે એક વ્યક્તિને તેના પુત્રને અસારવાની સ્કૂલમાં ક્લાર્ક તરીકે લગાવવાની લાલચ આપીને ૩ લાખ રૂપિયા પડાવ્યા હતા. આરોપીએ જિલ્લા શિક્ષણાધિકારીનો લેટર પણ આપ્યો હતો. આ અંગે ખરાઈ કરતા તે ખોટો હોવાનો ખુલાસો થયો હતો.

પોલીસે મેહુલ શાહની ધરપકડ કરી આવી અન્ય કેટલી અને ક્યાં ક્યાં ઠગાઈ કરી છે તે અંગે પૂછપરછ શરૂ કરી છે. શક્ય છે કે મેહુલ શાહનો ભાંડો ફૂટી જતા ભોગ બનેલા અન્ય લોકો પણ પણ મેહુલ શાહ સામે ફરિયાદ નોંધાવા આવી શકે છે. આ અંગે પોલીસ ઈન્સ્પેક્ટર જે કે મકવાણાએ જણાવ્યું કે, 'મેહુલ શાહે બી. ઈ. મીકેનીકલનો અભ્યાસ કર્યો છે અને વાંકાનેરમાં જ્યોતિ સ્કૂલ અને કીડ્સ વર્લ્ડ નામની સ્કૂલનું સંચાલન કરે છે. આઈએએસ તરીકે રૂબ જમાવવા માટે તે પોતાની ઓળખ ગૃહ વિભાગના ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ ડેવેલોપમેન્ટના ચેરમેન તરીકે ઓળખ આપીને લોકો પાસેથી અલગ અલગ લાલચ આપીને નાણાં ઉઘરાવતો હતો. તેણે વર્ષ ૨૦૧૮થી વાંકાનેરમાં જ આઈએએસના બનાવટી લેટર બનાવ્યાનો ખુલાસો થયો છે. આ કેસમાં હજુ અનેક ભોગ બનનાર સામે આવી શકે તેવી પુરેપુરી શક્યતા છે.'

## એલોન મસ્ક ભારતની ચૂંટણી પ્રણાલીની પ્રશંસા કરે છે, અમેરિકન સિસ્ટમની મજાક લે છે

વોશિંગ્ટન,
વિશ્વના સૌથી ધનાઢ્ય ઉદ્યોગપતિ એલોન મસ્કે ભારતની ચૂંટણી પ્રણાલીના વખાણ કર્યા છે અને સાથે જ અમેરિકાની ચૂંટણી પ્રક્રિયાને પણ આડે હાથ લીધી છે. વાસ્તવમાં, સોશિયલ મીડિયા પર એક યૂઝરે પોસ્ટ કરી હતી, જેમાં એક લેખનું હેડલાઈન પોસ્ટ કરવામાં આવ્યું હતું, જેમાં લખ્યું હતું કે 'ભારતે એક દિવસમાં ૬૪ કરોડ વોટ ગણ્યા'.

આ પોસ્ટનો જવાબ આપતા ઈલોન મસ્કે લખ્યું કે 'ભારતમાં એક દિવસમાં ૬૪ કરોડ વોટની ગણતરી થઈ અને કેલિફોર્નિયામાં હજુ પણ વોટની ગણતરી ચાલી રહી છે.' અન્ય એક યુઝરે ભારતમાં એક દિવસમાં ૬૪ કરોડ મતોની ગણતરીની વાત પણ કરી અને નિરાશા વ્યક્ત કરી કે અમેરિકન રાજ્ય કેલિફોર્નિયામાં ચૂંટણીને બે અઠવાડિયાથી વધુ સમય વીતી ગયો હોવા છતાં હજુ પણ મતોની ગણતરી ચાલુ છે. આ પોસ્ટ પર પણ પ્રતિક્રિયા આપતા મસ્કે તેને 'દુઃખ' ગણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે જે લેખ પર ઈલોન મસ્કએ પ્રતિક્રિયા આપી હતી તેમાં થોડા મહિના પહેલા યોજાયેલી લોકસભા ચૂંટણીનો ઉલ્લેખ હતો. લેખમાં કહેવામાં આવ્યું હતું કે ભારતમાં ૯૦ કરોડ મતદાતા છે અને લગભગ ૬૪ કરોડ લોકોએ સામાન્ય ચૂંટણીમાં મતદાન કર્યું હતું. ભારતની ચૂંટણી એ વિશ્વની સૌથી મોટી ચૂંટણી છે અને લોજિસ્ટિક્સની દ્રષ્ટિએ તે એક ચમત્કાર છે.

ઉલ્લેખનીય છે કે કેલિફોર્નિયામાં હજુ ત્રણ લાખથી વધુ બેલેટ પેપરની ગણતરી બાકી છે. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પને વિજયી જાહેર કરવામાં આવ્યા છે. કેલિફોર્નિયામાં ૩૯ મિલિયન રહેવાસીઓ છે અને તેમાંથી ૧૬ મિલિયન લોકોએ મતદાન કર્યું છે. આમાં પણ મોટી સંખ્યામાં લોકોએ ટપાલ દ્વારા મતદાન કર્યું હતું. જેના કારણે કેલિફોર્નિયામાં હજુ પણ મતગણતરી ચાલુ છે. અગાઉ છેલ્લી ૨૦૨૦ની ચૂંટણીમાં પણ કેલિફોર્નિયામાં મતોની ગણતરીમાં કેટલાંક અઠવાડિયા લાગ્યા હતા.

## ગુજરાત ૫ દિવસ પર હાડ થીજવતી ઠંડી માટે તૈયાર રહે, ઠંડીમાં વધારો થશે

દેશમાં ઉત્તરથી ઉત્તરપૂર્વ પવનની દિશાને લઈને ઠંડીમાં વધારો જોવા મળી રહ્યો છે. હિમાલય તરફના પવન ફુંકાતા તાપમાનમાં ઘટાડો આવ્યો છે. બે દિવસથી તાપમાનો પારો ગગડતા રાજ્યમાં પણ ઠંડા પવનો ફૂંકાતા વાતાવરણ ઠંડુગાર બન્યું છે. અમદાવાદમાં પણ પારો ગગડતા ઠંડીમાં થયો વધારો થયો છે. હવામાન વિભાગે ઠંડીને લઈને આગાહી કરી છે કે આગામી ૫ દિવસ સુધી તાપમાન સુકુ જ જોવા મળતા ઠંડી અનુભવાશે.

રાજ્યમાં ઠંડીનું આગમન થઈ ગયું છે. ઠંડીનો ચમકારો વધતા રાજ્યભરમાં તાપમાનનો પારો નીચે ગગડ્યો છે. અનેક સ્થળોએ લઘુત્તમ તાપમાનમાં ૧ થી ૨ ડિગ્રી જેટલો ઘટાડો થયો છે. તાપમાનનો પારો ગગડતા વહેલી સવારે લોકોને ઠંડીનો અનુભવ થયો. ઠંડીથી રક્ષણ માટે લોકોએ ગરમ કપડા પહેરવાની શરૂઆત કરી દીધી છે.

અમદાવાદના તાપમાનની વાત કરીએ તો ૧૬ ડિગ્રી તો ગાંધીનગરમાં ૧૫ ડિગ્રી તાપામાન નોંધાયું છે. શિયાળાની સિઝન શરૂ બાદ જ હવે ધીમે ધીમે રાજ્યમાં ઠંડીનો ચમકારો વધી રહ્યો છે, ગુલાબી ઠંડીનું જોર વધતા લોકો તાપણાનો સહારો પણ લેતા જોવા મળી રહ્યા છે. જ્યારે બીજી તરફ કેટલાક લોકો ઠંડીમાં પર્યટક સ્થળો ફરવા જવાનું વધુ પસંદ કરી રહ્યાં છે. જો કે, વહેલી સવારે ગુલાબી ઠંડીમાં મોનિંગ વોક માટે જતા લોકોમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. તો વળી કેટલાક લોકો ઠંડીનું પ્રમાણ વધતા લોકો ઘરમાં જ પૂરાઈ રહેવાનું વધારે પસંદ કરી રહ્યા છે. રાજ્યમાં ગુલાબી ઠંડી દસ્તક દેતા ખેડૂતોમાં આનંદ છવાયો છે.

## આપણે મહારાણા પ્રતાપના જીવનમાંથી શીખવું જોઈએ કે લોકો પીઠ છરા મારવામાં નિષ્ણાત છે, વસુંધરા રાજે

જયપુર,
રાજ્યની સાત વિધાનસભા બેઠકો પર યોજાયેલી પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ પાંચ બેઠકો જીતીને અણધાર્યા પરિણામો હાંસલ કર્યા છે. આ અણધાર્યા પરિણામોને કારણે મુખ્યમંત્રી ભજનલાલ શર્મા અને પ્રદેશ અધ્યક્ષ મદન રાઠોડની જોડીના ખૂબ વખાણ થઈ રહ્યા છે. પ્રદેશ પ્રમુખ મદન રાઠોડની સાદગી અને તેમના દ્વારા સંગઠન અને સરકાર વચ્ચે સર્જાયેલ સંકલન એ રીતે કામ કરી રહ્યું હોય તેવું લાગી રહ્યું હતું કે આ બંને નેતાઓની સામે જ વિપક્ષ તૂટી પડ્યો હતો.

ચૂંટણી પ્રચાર દરમિયાન બિનઅનુભવી ગણાતા બંને નેતાઓએ કોંગ્રેસનો ગઢ ગણાતી ઝુંઝુનુ બેઠક કોંગ્રેસ પાસેથી છીનવી લીધી અને બીજી તરફ રાષ્ટ્રીય લોકશાહી પક્ષની રાજધાની ગણાતી ખિંવસર બેઠક જીતી લીધી. હનુમાન બેનીવાલ અને તેમની પાર્ટીને શૂન્ય પર લાવવામાં આવી હતી.

અહીં પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેએ સોશિયલ મીડિયા પર તેમને જીત પર અભિનંદન પાઠવ્યા હતા મહારાણા પ્રતાપની પ્રતિમાના અનાવરણ કાર્યક્રમ દરમિયાન પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેએ મહારાણા પ્રતાપના જીવન સાથે જોડાયેલી વાતો પર ચર્ચા કરતા કંઈક એવું કહ્યું, જેની ચર્ચા દરેક જગ્યાએ થઈ રહી છે.

મંચ પરથી બોલતા તેમણે કહ્યું- આપણે મહારાણા પ્રતાપના જીવનમાંથી શીખવું જોઈએ કે લોકો પીઠ છરા મારવામાં નિષ્ણાત છે. મહારાણાએ આવું ક્યારેય નહોતું કર્યું અને નિઃશસ્ત્રો પર હુમલો કરવાને બદલે તેમણે બે તલવારો પોતાની સાથે રાખી, એક પોતાના માટે અને એક નિઃશસ્ત્ર માટે.

તેમણે કહ્યું કે આપણે મહારાણા પ્રતાપના જીવનમાંથી પ્રેરણા લેવી જોઈએ અને સમજવું જોઈએ કે સમયનું પૈડું ચક્રની જેમ ફરે છે. મહેલોમાં મખમલ પર સૂતા રાજાને પણ જંગલમાં કાંટા પર સૂવું પડે છે. મહારાણાનો સિદ્ધાંત હતો કે જેઓ અત્યંત મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ હાર માનતા નથી તેઓ જ જીતે છે. તેમણે કહ્યું કે મહારાણાનું જીવન આપણને કહે છે કે તમે સાપને ગમે તેટલો પ્રેમ કરો છો, તેના સ્વભાવ મુજબ, તે કોઈ દિવસ તમારા પર ઝેર થૂંકશે.જો કે વસુંધરાએ તેમના ભાષણમાં મહારાણા પ્રતાપના જીવનના ગુણો અને તેમની પાસેથી શીખવાની વાત કરી છે, તેમ છતાં તેમના શબ્દોને લઈને ચર્ચાઓનું બજાર ગરમ છે કે કોણ છે જેણે વસુંધરા રાજેની પીઠમાં છરો મારવાનો પ્રયાસ કર્યો છે, રાજે હાવભાવ દ્વારા કોઈને કંઈક સમજાવવાનો પ્રયાસ કરી રહ્યો છે અથવા પોતાના વિશે વાત કરી રહ્યો છે.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# સંતરામપુર બાયપાસ પાસે ચોરીનો પ્રયાસ કાંટા સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ થયો




સંતરામપુર,

શિયાળાની મોસમ શરૂ થતા ફરીથી ચોરોએ સંતરામપુરમાં ફરી આંતક બચાવવાનું શરૂ કર્યું. સંતરામપુર બાયપાસ પાસે ચયભજ્ઞ ગાડીમાં સવારના ચાર કલાકની આસપાસ બે વ્યક્તિઓ તીક્ષણ હથિયાર લઈને દુકાનના તાળા તોડવાનો પ્રયત્ન કરી રહેલા હતા, તે તે સમયમાં જ શટરનો અવાજ આવતાં જ આજુબાજુના લોકો ઉઠી ગયા હતા અને ચોર ભાગી છુટ્યા હતા બાજુની દુકાનમાં સીસીટી ફૂટેજ કેમેરામાં આ ચોરો ચોરી કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા અને ચોરીને કરવાના ઈરાદાદા થી આવેલા નકામ રહ્યા હતા અને આ સીસી ફૂટેજ ના વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ ગયેલા જોવા મળી આવેલા છે. આ વીડિયોના વાયરલ થી સંતરામપુરમાં વ્યાપારીઓમાં નગરમાં ભયનો માહોલ જોવા મળી આવેલો છે. જ્યારે બાયપાસ પાસે આવી ઘટનાને લઈન સ્થાનિક રહીશો નગરજનો રાત્રિના સમયે પેટ્રોલિંગ કરવાનું જાગવાનું શરૂ કરેલું છે. થોડા સમય અગાઉ પણ માળી વડ વિસ્તાર અને સત્ય પકાશ સોસાયટી પણ ચોર આવેલું સોસાયટીના વિસ્તારોમાં ચર્ચા રહેલું હતું. ચોરીની ઘટના બનતા પહેલા સંતરામપુર પોલીસ તંત્ર દ્વારા મહત્વના વિસ્તારોમાં પોઈન્ટ મૂકવામાં આવે અને સઘન પેટ્રોલિંગ કરવામાં આવે તેવા નગરજનો પણ ઈચ્છે રહ્યા છે.

# સંતરામપુર માનગઢ ધામ ખાતે ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી કરાઈ



સંતરામપુર,

સંતરામપુર તાલુકાના ઐતિહાસિક માનગઢ ધામ ખાતે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત (વિદ્યાલય શિક્ષા ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦ મી જન્મ જયંતિના અવસર પર આ વર્ષ ભગવાન બિરસા મૂંડાનો જીવન, ઉપદેશ પ્રત્યેક નાગરિક સુધી પહોંચાડવાના ધ્યેયને લઈને સમગ્ર રાજયમાં ઉજવણી થઇ રહી છે. જે અંતર્ગત અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ આયોજીત જન જાતિ ગૌરવ દિવસની ઉજવણીના કાર્યક્રમમાં વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોરે હાજરી આપી.

આ તકે રાષ્ટ્રીય અતિરિકત મહામંત્રી (વિદ્યાલય શિક્ષા) ગુજરાત પ્રાંત પ્રભારી મોહનજી પુરોહીત, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ (પ્રાથમિક સંવર્ગ) ભીખાભાઈ પટેલ, પ્રાંત અધ્યક્ષ મિતેષભાઈ ભટ્ટ, પ્રાંત મહામંત્રી પરેશભાઈ પટેલ, પ્રાંત સંગઠન મંત્રી સરદારસિંહ મછાર, રાષ્ટ્રીય સહ સચિવ (પ્રાથમિક સંવર્ગ) પલ્લવીબેન પટેલ, પ્રાથમિક સંવર્ગ અધ્યક્ષ અનિરૂદ્ધસિંહ સોલંકી તેમજ પ્રાંત અને જીલ્લાના સંગઠનના હોદેદારો સહિત સંતરામપુર તાલુકા પંચાયત પ્રમુખ હરેશભાઈ વળવાઈ, કુંડા ગામના સરપંચ ભેમભાઈ, ઉખરેલી ગામના સરપંચ દિનેશભાઈ, નાની ક્યાર સરપંચ સુરમાભાઈ, ભંડારા સરપંચ ભલાભાઈ, સચિનભાઈ શાહ અને સારસ્વત ભગિની ભાઈઓ બહેનો હાજર રહ્યા.

# ઝાલોદના બાજરવાડા ગામે જમીનના ઝગડામાં ૩ વ્યકિત ઉપર કુહાડીથી હુમલો કરી ઈજાઓ પહોંચાડી

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના બાજરવાડા ગામે જમીન સંબંધી મામલે ૬ ઈસમોએ ભેગા મળી મહિલા સહિત ત્રણ વ્યકિતઓને કુહાડીની મુદર વડે તેમજ લાકડી વડે માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપી ભારે ધિંગાણું મચાવાતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૨૩મી નવેમ્બરના રોજ ઝાલોદના બાજરવાડા ગામે વણઝારીયા ફળિયામાં રહેતાં ઈલેશભાઈ કનુભાઈ નિનામા, સુક્રમભાઈ રમણભાઈ નિનામા, અર્પણભાઈ સમુડાભાઈ નિનામા, મહેશભાઈ રમણભાઈ નિનામા, બહાદુરભાઈ રમણભાઈ નિનામા અને નરેશભાઈ નાનુભાઈ નિનામાઓએ એકપંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી પોતાની સાથે કુહાડી, લાકડીઓ લઈ પોતાના ગામમાં રહેતાં પારસીંભાઈ બદીયાભાઈ નિનામાના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેલા લાગેલ કે, તમોએ જમીન બાબતે અમારા વિરૂદધમાં કેમ કેસ મુક્યો છે, આ જમીન અમારી છે, અમોને આપી દો, તેમ કહેતાં પારસીંગભાઈએ ગાળો બોલવાની ના પાડતાં ઉપરોક્ત ૬ ઈસમો એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને કુહાડી મુદર વડે તેમજ લાકડી વડે પારસીંગભાઈને, રાહુલભાઈને તથા લલીતાબેનને માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત પારસીંગભાઈ બદીયાભાઈ નિનામાએ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના રામપુરા ગામે ચાર હેકટર જમીનના ઘાસમાં આગ લાગતાં ફાયર ફાયટરોએ આગ કાબુમાં લીધી

દાહોદ,

દાહોદ તાલુકાના રામપુરા ગામે આવેલ ચાર હેક્ટર જમીનમાં ઊગી નીકળેલ ઘાસમાં અકસ્માતે આગ લાગતા જ્યોત જોતામાં આગે વિકરાળ રૂપ ધારણ કર્યું હતું. આગ અંગેની જાણ દાહોદ ફાયર ફાઈટરના લાસ્ટરોને થતા તેઓ તાબડતો જ પાણીના બંબા સાથે પહોંચી ગયા હતા અને ભારે જહમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

દાહોદના રામપુરા રેન્જમાં આવેલ રામપુરા વિસ્તારમાં આજરોજ બપોરના સમયે ચાર હેક્ટર ઉગી નીકળેલ આગમાં અકસ્માતે આગ લાગી જતા જોત જોતામાં આગે વિકરાળ રૂપ ધારણ કર્યું હતું. બીજી તરફ એક પછી એક લાગેલ ખેતરોમાં આગને પગલે આસપાસના વિસ્તારોમાં દોડધામના દ્રશ્યો સર્જાઈ જવા પામ્યા હતા. લાગેલ આગને પગલે હવામાં ધુમાડાના ગોટેગોટા પ્રસરી જવા પામ્યા હતા. જાણવા મળ્યા અનુસાર આગ નજીકમાં આવેલ વીજ થાંભલામાં લાગે શોર્ટ સર્કિટના કારણે આગ લાગેલ હોવાનું ચર્ચા રહ્યું છે, ત્યારે બીજી તરફ આગનું સાચું કારણ સુધી જાણવા મળ્યું નથી, પરંતુ આગ અંગેની જાણ દાહોદ ફાયર ફાઈટર ના લાસ્કરોને થતા તેઓ તાબડતોડ પાણીના બંબા સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને કલાકોના ભારે જહમત બાદ આંખ ઉપર કાબુ મેળવ્યો હતો.

## મોદીએ મન કી બાત કાર્યક્રમમાં સંબોધન કર્યું

# થોડા મહિના પહેલા અમે વૃક્ષ માતાના નામે એક અભિયાન શરૂ કર્યું હતું, માત્ર પાંચ મહિનામાં ૧૦૦ કરોડ વૃક્ષો વાવવાનો માઈલસ્ટોન પાર કર્યો છે.

નવીદિલ્હી,

વડાપ્રધાન મોદી આજે મન કી બાત કાર્યક્રમના ૧૧૬મા એપિસોડને સંબોધિત કર્યું હતું.પીએમ મોદીનો મન કી બાત કાર્યક્રમ ૧૧ વિદેશી ભાષાઓ સિવાય ૨૨ ભારતીય ભાષાઓ અને ૨૯ બોલીઓમાં પ્રસારિત થયો છે. મન કી બાત ઓલ ઈન્ડિયા રેડિયોના ૫૦૦ થી વધુ બ્રોડકાસ્ટિંગ સ્ટેશનો પર પ્રસારિત થઈ રહી છે. આ સાથે જ ભારતીય જનતા પાર્ટીના અધિકારીઓ અને કાર્યકર્તાઓ પણ અલગ-અલગ જગ્યાએથી મન કી બાત કાર્યક્રમ સાંભળ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે આજે એનસીસી દિવસ છે. હું પોતે એનસીસી કેડેટ રહી ચુક્યો છું. એનસીસી યુવાનોમાં શિસ્ત, નેતૃત્વ અને સેવાની ભાવના કેળવે છે. જ્યારે પણ કોઈ આપત્તિ આવે છે, ત્યારે એનસીસી કેડેટ્સ મદદ માટે ચોક્કસપણે હાજર હોય છે. આજે એનસીસીને મજબૂત બનાવવા માટે સતત કામ કરવામાં આવી રહ્યું છે. હવે એનસીસીમાં ગર્લ્સ કેડેટ્સની સંખ્યામાં ૪૦ ટકાનો વધારો થયો છે.



આ વખતે ૧૨મી જાન્યુઆરીના રોજ સ્વામી વિવેકાનંદની ૧૬૨મી જન્મજયંતિ પર વિશેષ રીતે ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે ૧૧ અને ૧૨ જાન્યુઆરીના રોજ ભારત મંડપમ ખાતે યુવાનોનો મહાકુંભ યોજાવા જઈ રહ્યો છે. જેમાં કરોડો યુવાનો ભાગ લેશે. તમને યાદ હશે કે લાલ કિલ્લાની કિલ્લા પરથી મેં એવા યુવાનોને, જેમના પરિવારની કોઈ રાજકીય પૃષ્ઠભૂમિ નથી, રાજકારણમાં આવવાનું આહ્વાન કર્યું હતું. આવા એક લાખ યુવાનોને રાજકારણ સાથે જોડવા અભિયાન ચલાવવામાં આવશે. આમાં ભારત અને વિદેશના નિષ્ણાતો આવશે. હું પણ શક્ય તેટલો આમાં હાજર રહીશ. દેશ આ વિચારોને કેવી રીતે આગળ લઈ શકે તેની બ્લુ પ્રિન્ટ તૈયાર કરવામાં આવશે. દેશની ભાવિ પેઢી માટે આ એક મોટી તક બનવા જઈ રહી છે.મન કી બાતમાં આપણે અવારનવાર એવા યુવાનો વિશે વાત કરીએ છીએ જે નિઃસ્વાર્થ ભાવે સમાજ માટે કામ કરી રહ્યા છે. એવા ઘણા યુવાનો છે જે લોકોની સમસ્યાઓના ઉકેલ શોધવામાં વ્યસ્ત છે. લખનૌના વીરેન્દ્ર પોતાના વિસ્તારના વડીલોને ટેક્નોલોજી વિશે જાગૃત કરી રહ્યા છે. ઘણા શહેરોમાં, યુવાનો ડિજિટલ ક્રાંતિમાં વડીલોને ભાગીદાર બનાવવા માટે આગળ આવી રહ્યા છે. ભોપાલનો મહેશ ઘણા વૃદ્ધોને મોબાઈલ દ્વારા પેમેન્ટ કરવા વિશે જાગૃત કરી રહ્યો છે. આ ઉપરાંત યુવાનોને ડિજિટલ ધરપકડથી બચાવવા માટે પણ જાગૃત કરવામાં આવી રહ્યા છે. મેં ગયા એપિસોડમાં તેની ચર્ચા કરી હતી. મોટાભાગે વૃદ્ધ લોકો આ પ્રકારના ગુનાનો ભોગ બને છે. અમારે લોકોને સમજાવવું પડશે કે ડિજિટલ ધરપકડ જેવી કોઈ જોગવાઈ નથી. મને આનંદ છે કે યુવા મિત્રો આ કાર્યમાં ભાગ લઈ રહ્યા છે અને બીજાઓને પણ પ્રેરણા આપી રહ્યા છે.

આજકાલ બાળકોના શિક્ષણને લઈને અનેક પ્રયોગો થઈ રહ્યા છે. એવું પણ કહેવાય છે કે પુસ્તકો માણસના શ્રેષ્ઠ મિત્ર છે. હવે આ મિત્રતાને મજબૂત કરવા માટે પુસ્તકાલય કરતાં વધુ સારી જગ્યા કઇ હોય. ચેન્નાઈમાં બાળકો માટે આવી લાઈબ્રેરી તૈયાર કરવામાં આવી છે, જે હવે સર્જનાત્મકતાનું કેન્દ્ર બની ગઈ છે. તેમાં ૩૦૦૦ થી વધુ પુસ્તકો છે. આ ઉપરાંત અનેક પ્રકારની પ્રવૃત્તિઓ પણ બાળકોને આકર્ષે છે. ત્યાં ચોક્કસપણે દરેક માટે કંઈક છે. બિહારના ઘણા શહેરોમાં ગોપાલગંજની પ્રયોગ પુસ્તકાલયની ચર્ચા થઈ રહી છે. આ સાથે ૧૨ જેટલા ગામના યુવાનોને પુસ્તકો વાંચવાની સુવિધા મળવા લાગી છે. કેટલીક લાઈબ્રેરીઓ છે જે વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીમાં ઉપયોગી છે. તમે પણ પુસ્તકો સાથે મિત્રતા કેળવો અને જુઓ કે તમારું જીવન કેવી રીતે બદલાય છે.હું ગઈકાલે રાત્રે ગયાનાથી પાછો ફર્યો. ગુયાનામાં એક મિની ઈન્ડિયા પણ રહે છે. લગભગ ૧૮૦ વર્ષ પહેલા ભારતમાંથી મજૂરી માટે ગુયાના લાવવામાં આવતા હતા, આજે ભારતીય મૂળના લોકો દરેક ક્ષેત્રમાં ગુયાનાનું નેતૃત્વ કરી રહ્યા છે. ત્યાંના રાષ્ટ્રપતિ પણ ભારતીય મૂળના છે. જ્યારે હું ગયાનામાં હતો ત્યારે મારા મગજમાં એક વિચાર આવ્યો. ગયાનાની જેમ જ વિશ્વના ડઝનબંધ દેશોમાં ભારતીય મૂળના લાખો લોકો વસે છે. શું તમે ભારતીય મૂળના લોકોની વાર્તાઓ શોધી શકો છો જે અન્ય દેશોમાં તેમના વારસાને જીવંત રાખે છે? તમે આ વાર્તાઓ શોધો અને મારી સાથે શેર કરો.

તમને ઓમાનમાં ચાલી રહેલ એક્સ્ટ્રા ઓર્ડિનરી પ્રોજેક્ટ પણ રસપ્રદ લાગશે. ઘણા ભારતીય વિદેશી પરિવારો ઓમાનમાં રહે છે. તેમાંથી ઘણાની પાસે ઓમાની નાગરિકતા છે, પરંતુ ભારતીયતા તેમની નસોમાં રહે છે. આને લગતા દસ્તાવેજો એકત્ર કરવામાં આવ્યા છે. ઓરલ હિસ્ટ્રી પ્રોજેક્ટ પણ આનો આધાર છે. આમાં ત્યાંના વરિષ્ઠ લોકોએ તેમના અનુભવો શેર કર્યા છે. આવો જ એક પ્રોજેક્ટ ભારતમાં પણ ચાલી રહ્યો છે. આ અંતર્ગત ઈતિહાસ પ્રેમીઓ દેશના ભાગલા સમયે લોકોના અનુભવો એકત્ર કરી રહ્યા છે. આજે એ સમયગાળો જોનારા બહુ ઓછા લોકો બચ્યા છે. જે દેશ પોતાના ઈતિહાસને વળગી રહે છે તેનું ભવિષ્ય પણ સારું છે. દેશમાં આવા જ બીજા ઘણા પ્રોજેક્ટ ચાલી રહ્યા છે. તમે પણ આમાં સહકાર આપી શકો છો. આપણા ઉપનિષદોનો સ્લોવાકિયામાં પ્રથમ વખત સ્લોવેકમાં અનુવાદ થયો છે. આપણા બધા માટે ગર્વની વાત છે કે દુનિયાભરમાં એવા કરોડો લોકો છે જેમના હૃદયમાં ભારત વસે છે.

થોડા મહિના પહેલા અમે વૃક્ષ માતાના નામે એક અભિયાન શરૂ કર્યું હતું. આ અભિયાને માત્ર પાંચ મહિનામાં ૧૦૦ કરોડ વૃક્ષો વાવવાનો માઈલસ્ટોન પાર કર્યો છે. તમને આ સાથે જોડાયેલી એક વધુ વાત જાણીને ગર્વ થશે કે આ અભિયાન હવે દુનિયાના અન્ય દેશોમાં પણ ફેલાઈ રહ્યું છે. ગયાનામાં પણ ગયાના પ્રમુખ તેમના પરિવાર સાથે વૃક્ષ માતાના નામના અભિયાનમાં મારી સાથે જોડાયા હતા. આ અભિયાન દેશના વિવિધ ભાગોમાં ચલાવવામાં આવી રહ્યું છે. ઈન્દોરમાં ૨૪ કલાકમાં ૧૨ લાખ વૃક્ષો વાવવામાં આવ્યા. જેસલમેરમાં એક અનોખો રેકોર્ડ બન્યો હતો. અહીં મહિલાઓની ટીમે ૧ કલાકમાં ૨૫ હજાર વૃક્ષો વાવ્યા. એક પીડ મા કે નામ અભિયાન અંતર્ગત અનેક સામાજિક સંસ્થાઓ વૃક્ષારોપણ કરી રહી છે. તેમનો પ્રયાસ સમગ્ર ઈકો સિસ્ટમ વિકસાવવાનો છે જ્યાં વૃક્ષો વાવવામાં આવે છે. આ અભિયાનમાં જોડાઈને કોઈપણ વ્યક્તિ પોતાની માતાના નામે એક વૃક્ષ વાવી શકે છે. આપણે આપણી માતાનું ઋણ ક્યારેય ચૂકવી શકતા નથી, પરંતુ એક વૃક્ષ વાવીને આપણે તેની હાજરીને જીવંત બનાવી શકીએ છીએ.

તમે બધાએ બાળપણમાં સ્પેરો તો જોઈ જ હશે. આપણી આસપાસની જૈવવિવિધતાને જાળવવામાં સ્પેરો મહત્વની ભૂમિકા ભજવે છે. વધતા શહેરીકરણને કારણે સ્પેરો આપણાથી દૂર થઈ ગઈ છે. આજની પેઢીના બાળકોએ આ પક્ષી માત્ર તસવીરોમાં જ જોયું છે. હવે આ પક્ષીના વાપસી માટે અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જો તમે પણ તમારી આસપાસ પ્રયત્નો કરશો તો ચકલીઓ આપણા જીવનનો એક ભાગ બની જશે.

તમે જોયું હશે કે કોઈ સરકારી ઓફિસ કહેતા જ તમારા મગજમાં ફાઈલોના ઢગલાનાં ચિત્રો આવી જાય છે. આવી દાયકાઓ જૂની ફાઈલો દૂર કરવા માટે ખાસ સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું, જેના પરિણામો પણ સામે આવ્યા છે. જ્યાં સ્વચ્છતા હોય છે ત્યાં દેવી લક્ષ્મીનો વાસ હોય છે. મુંબઈની બે દીકરીઓ અક્ષરા અને પ્રકૃતિ ક્લિપિંગ્સમાંથી ફેશન આઈટમ બનાવે છે. તેમની ટીમ કપડાના કચરાને ફેશન પ્રોડક્ટ્સમાં ફેરવે છે. સ્વચ્છતાની વાત કરીએ તો કાનપુરમાં કેટલાક લોકો દરરોજ મોર્નિંગ વોક પર પણ જાય છે અને કચરો ભેગો કરે છે. પહેલા થોડા જ લોકો તેમાં સામેલ હતા, પરંતુ હવે તે એક મોટું અભિયાન બની ગયું છે. નાના પ્રયાસોથી મોટી સફળતા મળે છે, આનું ઉદાહરણ આસામની ઈતિશા છે. તે અરુણાચલની શાંતિ ખીણની સફાઈમાં વ્યસ્ત છે. તેમના ગ્રુપના લોકો ત્યાં આવતા પ્રવાસીઓમાં જાગૃતિ લાવે છે. આવા પ્રયાસો ભારતના સ્વચ્છતા અભિયાનને વેગ આપે છે.

## આપની આજ.......

મેષ: આજનો દિવસ એક મહત્વપૂર્ણ દિવસ છે અને શક્ય છે કે તમે આજે કોઈ મોટો નિર્ણય લઈ શકો છો. આજે એવું થઈ શકે છે કે તમે બેંકમાં તમારી કોઈપણ મિલકત અથવા અન્ય કોઈ કિંમતી વસ્તુનો ઉપયોગ કરી શકો છો.

વૃષભ: દિવસની શરૂઆત તમારા માટે થોડી પ્રતિકૂળ હોઈ શકે છે. સંભવ છે કે તમે કુટુંબના સભ્ય અથવા બાળકને લગતી કોઈ બાબતથી નાખુશ હશો. એવું પણ થઈ શકે છે કે પત્ની અથવા ગર્લફ્રેન્ડ પણ તમને આ પ્રકારના વર્તનથી હેરાન કરે છે, પરંતુ તેમ છતાં તમારે ધીરજથી કામ કરવું જોઈએ.

મિથુન: તમારા કેટલાક લોકો તમારી ચિંતા પણ વધારી શકે છે. કાર્યક્ષેત્રમાં કેટલાક મોટા ફેરફારો શક્ય છે જે તમારા હિતમાં ન હોઈ શકે અથવા તમને તે ગમશે નહીં.

કર્ક: આજનો દિવસ તમારા માટે શુભ છે. ઓફિસ અને સમાજમાંના લોકોમાં તમને આદર મળશે અને તમારી કામ કરવાની રીતથી લોકો પ્રભાવિત થશે. લોકો પ્રત્યેના મનમાં તમારી તરફ સદ્ભાવના પણ જાગૃત થશે.

સિંહ: આજે કેટલીક માહિતી મેળવવાનો દિવસ રહેશે અને તમારી બૌદ્ધિક ક્ષમતામાં વધારો થશે. આજે સારા લોકો સાથેની તમારી મુલાકાત તમને લાભ આપી શકે છે.

કન્યા: આજે શક્ય છે કે તમારો પ્રતિકૂળ સમય સવારથી જ શરૂ થઈ જાય. બપોર સુધીમાં તમારું મન મુંઝવણમાં મુકાઈ જશે. તમે ફરીથી નવી ઊર્જાથી તમારા અધૂરા કાર્યોનો સામનો કરશો.

તુલા: તમારા માટે આજનો દિવસ થોડો મુશ્કેલ હોઈ શકે છે. કેટલાક કામ બગડવાના કારણે નિરાશા વધી શકે છે. કોઈ નિરર્થક વસ્તુનો ભય અથવા ડર તમારા મગજમાં ખલેલ પહોંચાડી શકે છે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે સામાન્ય છે અને નોકરી અને ધંધામાં બધુ સારું રહેશે. વ્યવસાયની સ્થિતિમાં સુધાર થશે અને મોટા અધિકારીની મદદથી તમારું કામ જે લાંબા સમયથી અટવાયું છે તે પૂર્ણ થશે.

ધન: આજનો દિવસ તમારા માટે સારો છે. આજે કેટલાક કામ તમારા વિચાર વિરોધી હોઈ શકે છે. તમારો વિશ્વાસ કરનારા કોઈ તમને છેતરી શકે છે. બાકીનો મિશ્રિત ફળદાયી દિવસ છે. સાંજનો સમય સારો રહેશે. વર્તમાન વાતાવરણને ધ્યાનમાં રાખીને મનમાં નકારાત્મકતા વધી શકે છે.

મકર: આજનો દિવસ તમારા માટે અનુકૂળ છે અને તમારો મૂડ પણ આજે સારો રહેશે. આજે જે લોકો તમારું સારું ઈચ્છે છે તે તમારી આસપાસ દેખાશે. આજે તમને ગ્રહોનો લાભ મળી રહ્યો છે અને આજે તમારા કાર્ય પૂરા થવામાં મદદ રૂપ થશે. આજે મન ધાર્મિક કાર્યોમાં વ્યસ્ત રહેશે અને તમને સંતોષ મળશે.

કુંભ: આજે તમારું સ્વાસ્થ્ય સારું નહીં રહે અને શક્ય છે કે દિવસના પહેલા ભાગમાં એક સાથે ઘણું કામ તમારી સામે આવી શકે છે. જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી તેમનામાં મહત્વપૂર્ણ કાર્ય પૂર્ણ કરવાનું યોગ્ય રહેશે.

મીન: આજે તમારા કાર્ય માટે અનુકૂળ દિવસ છે. આજે પરીક્ષાની સ્પર્ધામાં સફળતા મળી શકે છે. જો તમે તમારા વ્યવસાય સાથે સંબંધિત કોઈ કરાર અથવા લેખન કરવા માંગતા હોવ તે આજે ટાળો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# નવીન ગ્રામ પંચાયતોમાં રહેવા માટેની સુવિધા હોવા છતાં ગરબાડા તાલુકાના તલાટીઓ સરકાર પાસેથી ઘરભાડુ લઈ રહ્યા છે

## વર્ષ ૨૦૧૯-૨૦ થી તાલુકા ની ૪૧ માંથી ૪૦ ગ્રામ પંચાયતો નવીન બનાવવામાં આવી.



આમ, તો સરકારના નિયમ પ્રમાણે તમામ તલાટીઓએ પોતાના હેડ ક્વાર્ટર્સ એટલે કે ફરજની જગ્યાએ જ રહેવાનું હોય છે, પરંતુ તેમ ન કરતા તમામ તલાટીઓ પોત પોતાના ઘરે જ રહેવા માટે જતા હોય છે. જોકે, અમુક તલાટી બહેનો પોતાના ઘરે જતા હોય છે, જે બરાબર છે. જ્યારે બાકી અન્ય તલાટીઓ કયા કારણોસર હેડ ક્વાર્ટર્સ પર નથી રહેતા જે તપાસનો વિષય છે. જે જોતા સરકાર નિયમો માત્ર કાગળ પર જ બનાવતી હોવાનું જોવા મળી રહ્યું છે. વાસ્તવિકતા સાથે જેને કોઈ લેવાદેવા નથી.

**નિયમ અનુસાર તલાટી ના ક્વાર્ટરસ બનેલા હોય તો તેમને ઘર ભાડું ચૂકવવાને પાત્ર હોતું જ નથીઃ તાલુકા વિકાસ અધિકારી ગરબાડા એચ.સી રાઠવા...**

ગરબાડા,

ગરબાડા તાલુકાના તલાટીઓ ને સરકાર દ્વારા ગ્રામ પંચાયત ભવન ખાતે જ રહેવા માટેની સુવિધા આપવામાં આવી હોવા છતાં તેઓ તેનો ઉપયોગ તો નથી જ કરતા અને બીજી તરફ સરકાર પાસેથી ઘર ભાડું પણ વસૂલી રહ્યા હોવાનું જોવા મળી રહ્યું છે. જે કેટલી હદય યોગ્ય કહેવાય જે બાબત તપાસનો વિષય છે.

ગરબાડા તાલુકામાં કુલ ૪૧ જેટલી ગ્રામ પંચાયતો આવેલી છે. જેમાંથી ૪૦ જેટલી ગ્રામ પંચાયતો વર્ષ ૨૦૧૯ ૨૦ બાદથી નવીન બનાવવામાં આવી છે, તે પણ ભૌતિક સુવિધા સાથે તલાટી ક્વાર્ટર સહિત નવીન બિલ્ડીંગો બનાવવામાં આવી છે. એક તરફ લોકોની જાહેર સુખાકારી વધે તેવા શુભ આશયથી સરકાર દ્વારા લાખો કરોડો રૂપિયાનો ખર્ચ કરીને ગ્રામ પંચાયત ભવનમાં જ તલાટીઓ ને રહેવા માટેના ક્વાર્ટર્સ બનાવવામાં આવ્યા છે, પરંતુ આ ક્વાર્ટર્સોમાં તાલુકાનો એક પણ તલાટી રહેતા નથી. ખરેખર સરકારના નિયમ મુજબ તેઓએ પોતાના હેડ ક્વાર્ટર્સમાં જ રહેવાનું હોય છે, પરંતુ તેમના કરતાં તેઓ પોત પોતાના ઘરેથી જ નોકરી કરવા માટે આવતા હોય છે. જોકે નવાઈની વાત તો એ છે કે સરકારી હેડક્વાર્ટર્સ હોવા છતાં તાલુકા પંચાયત દ્વારા ફિક્સ પગારવાળા તલાટી અને છોડીને આવા તમામ તલાટીઓને ઘર ભાડું દર મહિને બેઝિક પગારના આઠ ટકા મુજબ ચૂકવવામાં આવી રહ્યું છે. જેનો આંકડો લાખોમાં થાય છે, તેઓ વર્ષોથી ઘરભાડુ તો લઈ જ રહ્યા છે, પરંતુ વર્ષ ૨૦૧૯ ૨૦ બાદથી નવીન ક્વાર્ટરસ બન્યા પછી પણ આ ઘરભાડુ તાલુકા પંચાયત દ્વારા ૪૧ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટીઓ જેમાં ફિક્સ પગાર વાળા છોડીને તમામને ચૂકવવામાં આવી રહ્યું છે. જે સરકારના ધારા ધોરણ મુજબ કેટલું વ્યાજબી ? કહેવાય શું કોઈપણ અધિકારીને આ બાબતની ખબર ન હતી અને નવાઈની વાત તો એ છે કે પાછલા પાંચ વર્ષમાં તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી પણ બદલાયા હોવા છતાં કોઈએ બાબતે ધ્યાન પણ દોર્યું નથી અને ભાડું ચૂકવતા જ રહ્યા હવે આ નાણાં તલાટીઓ પાસેથી સરકાર વસૂલ સે ખરી ? કે પછી જાણી જોઈને આચારવામાં આવેલો આ ભ્રષ્ટાચાર છે ? જે તપાસ નો વિષય છે હવે જોવું જ રહ્યું કે સરકાર દ્વારા આ ઘરભાડુ વસૂલવામાં આવશે કે કેમ તે તો આવનાર સમયમાં જ ખબર પડશે

# દાહોદ નકલી બિનખેતી પ્રકરણમાં અગામી દિવસોમાં આરોપીની લીસ્ટમાં અધિકારી બાબુઓ સામે થવાની શકયતા

દાહોદ,

દાહોદમાં નકલી બિન ખેતી પ્રકરણમાં એકપછી એક આરોપીઓને પોલીસ દ્વારા જેલના સળીયા પાછળ ધકેલવામાં આવી રહ્યાં છે, તો બીજી તરફ હવે સરકારી બાબુઓની પણ આરોપીઓમાં સામેલગીરીઓના વહેતા થયેલા સંદેશાઓ વચ્ચે ભુમાફિયાઓ સાથેની મીલીભગતમાં સંડોવાયેલ સરકારી બાબુઓ પર પણ આગામી દિવસોમાં પોલીસ તંત્ર લગામ કસી આરોપીઓની લીસ્ટમાં સરકારી બાબુઓને સામેલ કરશે તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

સમગ્ર ગુજરાત રાજ્યમાં દાહોદના નકલી બિન ખેતી પ્રકરણે ચકચાર મચાવી મુકી છે. એકપછી એક પોલીસ ફરિયાદોમાં માસ્ટર માઈન્ડ, બિલ્ડરો, તેમના મળતીયાઓ, મિલ્કત ધારકો સામે કાયદેસરની પોલીસ ફરિયાદો નોંધાંયા બાદ આરોપીઓને જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવ્યાં છે. આવા સમયે સરકારી બાબુઓની રહેમ નજર હેઠળ આચરવામાં આવલે આ મસમોટા કૌંભાંડમાં અત્યાર સુધી માત્ર ગણતરીના સરકારી બાબુ અને કર્મચારીની અટકાયત કરવામાં આવી છે, પરંતુ જોવા જઈએ તો આ સમગ્ર નકલી બિન ખેતી પ્રકરણ સરકારી બાબુઓના નજર રહેમ હેઠળ થયેલ હોવાની જાહેરમાં છડેચોક ચર્ચાઓની વચ્ચે હવે સરકારી બાબુઓ પર પણ લગામ કસાવવાની પુરે પુરી શક્યતાઓ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. કારણ કે, સરકારી બાબુઓની મીલીભગતથી આ મસમોટુ કૌભાંડ શક્ય હોય તેમ જ નથી. ભુમાફિયાઓ અને સરકારી બાબુઓની મીલીભગતના કારણે દાહોદમાં મોટા પાયે ખેતીની જમીનોને બિન ખેતીમાં ફેરવી દેવાના આ મસમોટા કૌંભાંડમાં આવનાર દિવસોમાં મોટા ગજાના સરકારી બાબુઓ પણ જેલના સળીયા પાછળ હશેની ચર્ચાઓએ દાહોદમાં વેગ પકડ્યો છે. આ ચર્ચાઓને પગલે દાહોદની જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત કચેરી સહિત સંબંધિત સરકારી કચેરઓમાં ફરજ બજાવતાં સરકારી બાબુઓમાં એક પ્રકારનો ફફડાટ પણ જોવા મળી રહ્યો છે.

# દે.બારીયા શહેરની અજાયબી ટાવર ઘડીયાળને ચાલું કરે તેમજ ટોચ ઉપર ઝાડી, વૃક્ષ ઉગી નિકળતા તેને દુર કરવામાં આવશે ખરાં ???

દે.બારીયા,

દે.બારીયા શહેરની નાક સમાન અને ઐતિહાસીક ધરોહર સમાન અજાયબીમાં ગણના થાય છે. એવા ટાવર ઘડીયાળ ટોચ ઉપર ઝાડીઓ નાના વૃક્ષ ઉભી નિકળતા તેની સુંદરતામાં હાલ કમી આવી છે. સાથે નાના વૃક્ષની જડો ટાવર ઘડીયાળની ટોચમાં મૂળીયા નાખી દેશે તો તેના પીલ્લરોમાં નુકશાની આવે તેવી ભીંતિ સેવાઈ રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેરનું રજવાડી સમય દરમિયાન તેનું બાંધકાર્ય લગભગ ૧૯૩૦ સાલમાં તે સમયના આર્ટીકલના હસ્તે કાર્ય કરાયો હતો. ૧૦૦ વર્ષ થવા આવ્યા ટાવર ઘડીયાળ હાલ અડીખભ છે. જેથી શહેરની નાક સમાન છે. હાલમાં તેની ટોચ ઉપર નાના વૃક્ષો ઉગી નિકળતા તેની ટકાઉ ક્ષમતામાં ગંભીર સવાલો સાથે આમ જનતામાં ચિંતાનો માહોલ જોવા મળી રહયો છે. તેમજ તેની ઘડીયાળ અને ટકોરાને સારી ઘડીયાળીના દ્વારા સમારકાર્ય હાથ ધરવામાં આવે તેવી બુલંદ માંગ ઉઠવા પામી છે. તેના રખરખાવ અને દેખ રૂખ છે. બારીયા નગર પાલિકાના તંત્રના હસ્તક આવે છે. થોડા વર્ષો અગાઉ ટાવર ઘડીયાળની ટોચ (કળશ) ઉપર આકાશી વિજળીથી નુકશાન થયું હતું. તેનું સમારકાર્ય અને રંગરોગાન તે સમયે યુદધના ધોરણે કરવામાં આવ્યો હતો.

ફેબ્રુઆરી ૨૦૨૩ થી દે.બારીયા નગર પાલિકાનું વહિવટી કાર્ય હાલમાં પણ સરકારી બાબુઓના હસ્તક છે. જેથી ટાવર ઘડીયાળના પ્રત્યે રખરખાવનું ધ્યાન અપાતું નથી. શહેરની નાક સમાન ટાવર ઘડીયાળ અંગેની પુછપરછ આપણા માન્ય વડાપ્રધાન મોદી કરી હતી. જેથી તેની મહત્વતા કેટલા પ્રમાણમાં છે. પાલિકાનું વહિવટી તંત્ર ટાવર ઘડીયાળના સમય બતાવે અને ટકોરા ચાલુ થાય અને ટોચના ઉપર ઉગી નિકળેલા વૃક્ષોની સાફ સફાઈ કરવા માટે તજવીજ હાથ ધરે તેવી શહેરીજનોની માંગ ઉઠવા પામી છે.

# ઝાલોદ તાલુકામાં બનતા ડોમેસ્ટિક એરપોર્ટનુ ૪ ગામોના લોકો દ્વારા ધારાસભ્ય મહેશ ભૂરીયાને મળી વિરોધ રજૂ કરાયો

ઝાલોદ,

ઝાલોદ તાલુકો ખેતી પ્રધાન તાલુકો છે અને અહીંયા વસતા ગરીબ આદિવાસી પ્રજા ખેતી તેમજ મજૂરી પર પોતાનું ગુજરાન ચલાવે છે. હાલ ઝાલોદ તાલુકામા એરપોર્ટ બનશે તેવી વાતોએ જોર પકડયું છે અને સરકાર દ્વારા બે થી ત્રણ વાર એરપોર્ટ માટે જમીનનુ સર્વે કરવામાં આવી રહેલ છે. જેથી એરપોર્ટ બનવાના જ્યાં હાલ એંધાણ છે, ત્યાં રહેતો ખેડૂત મુંઝવણમા મુકાયો છે અને ખેતી કરી પરિવારનુ ભરણપોષણ કરતો ખેડૂત મુંઝવણમા મુકાયો છે. પોતાની જમીન જવાના એંધાણ થતાં ત્યાં રહેતા ખેડૂતો દ્વારા દાહોદ જીલ્લા કલેક્ટર, તાલુકા પંચાયત તેમજ આજરોજ તારીખ ૨૪-૧૧-૨૦૨૪ ના રોજ ઝાલોદ તાલુકાના ધારાસભ્ય મહેશ ભૂરીયાને મળી ખેડૂતોની જમીન ન જાય તે માટે રજૂઆત કરવા પહોંચ્યા હતા.

ધારાસભ્ય મહેશ ભૂરીયાને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવતા તેઓએ આદિવાસી વિસ્તારમાં રહેતા ખેડૂતોની આજીવિકાનૂ સાધન એવી ખેતી માટેની જમીન બચાવવા માટે મુખ્ય મંત્રી, દાહોદ જીલ્લા વહીવટી તંત્ર તેમજ જમીન સંપાદન કરતા અધિકારીઓને મળી આ અંગે ચર્ચા વિચારણા કરી ખેડૂતોને ન્યાય મળે તે માટે રજૂઆત કરશે તેવી હૈયાધારણા આવેલ સરપંચો તેમજ ખેડૂત ભાઈ બહેનોને આપી હતી.



દાહોદ સ્માર્ટ સીટી અંતર્ગત કામગીરી ચાલી રહી છે. જેના ભાગ રૂપે ઈન્દોર,જયપુર અને વડોદરા એરપોર્ટના મધ્ય બિંદુમાં ટાઢાગોળા વિસ્તારમાં ડોમેસ્ટિક એરપોર્ટ બનાવાશે.જેમાં ૪ ગામોના લોકો દ્વારા વિરોધ કરાઈ રહ્યો છે. એક તરફ દિલ્હી મુંબઈ કોરીડોરમાં જમીન સંપાદન તેમજ બીજી તરફ કાળી ૨ ડેમમાં જમીન સંપાદન અને હવે ડોમેસ્ટિક એરપોર્ટમાં જમીન સંપાદન થશે તો ખેડૂતોના માથે આભ ફાટે તેવી સ્થિતિ છે. જેને લઈને ૪ ગામોમાં ડોમેસ્ટિક એરપોર્ટનો વિરોધ કરવામા આવ્યો હતો. ધારાસભ્ય દ્વારા કાયદાકીય રીતે ન્યાય અપાવવા માટે ગ્રામજનોને બાંહેધરી આપી.

# દિવાળી વેકેશન બાદ ગરબાડા પંથકમાંથી સફેદ પથ્થર કાઢવાનો કાર્યક્રમ યથાવત



ગરબાડામાં લાંબા વિરામ બાદ સફેદ પથ્થર ક્વાર્ટસ કાઢીને લઈ જવાની કામગીરી પુનઃ ચાલુ થઈ હોવાનું જોવા મળી રહ્યું છે. તારીખ ૨૩ અને ૨૪ નારોજ બપોર બાદ ગાંગરડી તરફના કોઈ ગામ માંથી સફેદ પથ્થર ભરીને જતી એક ટ્રક ગરબાડામાં જોવા મળી હતી. જોકે, અહીંયા પરમિશન આપવામાં આવેલ છે કે કેમ તે જાણવા મળેલ નથી. જેને લઈને ખનીજ વિભાગના અધિકારી સાથે વાત કરતા તેઓએ તપાસ કરીને જણાવવાનું કહ્યું હતું, પરંતુ તેઓ દ્વારા બીજા દિવસે પણ કોઈ જવાબ આપવામાં આવ્યો ન હતો. પથ્થર કાઢવા બાબતને લઈને ભૂતકાળ પર નજર કરીએ તો અનેકવાર રજૂઆતો કરવા છતાં પણ ખનીજ વિભાગના અધિકારીઓ આ પથ્થર ચોરી કરનારા તત્વોને પ્રોત્સાહન આપતા હતા અને અવારનવાર ફરિયાદ કરવા છતાં પણ તેમના ઉપર કોઈ પણ જાતની એક્શન લેતા ન હોવાનું જોવા મળ્યું હતું અને હાલમાં પણ આ જ વસ્તુ જોવા મળી રહી છે.

# દાહોદ પરિવાર સભ્યનું મૃત્યુ થતાં મૃતકના મૃતદેહને ઝાયડસ હોસ્પિટલ ડોનેટ કરવામાં આવ્યા

દાહોદ,

દાહોદમાં એક પરિવારના સદસ્ય નું મૃત્યુ થતાં પરિવારની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાને કારણે તેમજ આ અંગેની જાણ દાહોદ શહેરના વોર્ડ નંબર ત્રણના કાઉન્સિલર થતા તેઓએ મૃતકના પરિવારની મુલાકાત લીધી હતી. ત્યારે કાઉન્સિલર તેમજ સ્થાનિક લોકોના સમજાવ્યા પ્રમાણે મૃતકના પરિવારજનો દ્વારા મૃતકના મૃતદેહને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે ડોનેટ કરવામાં આવી હતી.

અંગદાન મહાદાન ની પંક્તિને સાર્થક કરતો કિસ્સો દાહોદમાં જોવા મળ્યો છે. જેમાં દાહોદ શહેરના વોર્ડ નંબર ૩ માં રહેતા અજયભાઈ સુરેશભાઈ ગરવાળના દૂરના કાકા રાજુભાઈ કાળુભાઈ ગરવાળની બે દિવસ પહેલા તબિયત લથડતા તેઓને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવવામાં આવ્યા હતા. ત્યાં સારવાર દરમિયાન રાજુભાઈનું મોત નીપજ્યું હતું. મૃતકના પરિવારજનોની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાને કારણે અંતિમક્રિયાનો ખર્ચ ઉઠાવી શકે તેવા સક્ષમ ન હોવાને કારણે પરિવારજનો અસમંજસમાં મુકાયા હતા આ અંગેની જાણ વોર્ડ નંબર ત્રણના કાઉન્સિલર લક્ષ્મીબેન હિતેશભાઈ ભાટ મૃતકના પરિવારજનોની મુલાકાતે પહોંચ્યા હતા. જ્યાં કાઉન્સિલર લક્ષ્મીબેન તથા ગ્રામજનો દ્વારા મૃતકના પરિવારજનોને મૃતકના મૃતદેહને દાહોદની હોસ્પિટલમાં ડોનેટ કરવા માટેની સલાહ આપવામાં આવી હતી. ત્યારે મૃતકના પરિવારજનો તેઓની સલાહને માન્ય રાખી અને રાજી થઈ મૃતક રાજુભાઈના મૃતદેહને દાહોદની હોસ્પિટલ ખાતે ડોનેટ કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે અગાઉ પણ કેટલાક મૃતકોના અમૃત દેને ડોનેટ કરવામાં આવ્યા હતા. ઝાયડસ અને મેડિકલ હોસ્પિટલ ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ડોનેટ કરાયેલા મૃતદેહથી અભ્યાસમાં મદદ મળી રહે છે.

# દાહોદ કતવારા બજારમાં બોલેરો ગાડી માંથી ૩.૨૪ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના કતવારા બજાર માંથી પોલીસે એક બોલેરો પીકઅપ ફોર વ્હીલર ગાડીમાંથી રૂા.૩,૨૪,૦૦૦ના પ્રોહીના જથ્થા સાથે બોલેરો ફોર વ્હીલર ગાડીનું પાયલોટીંગ કરી રહેલ અન્ય એક ફોર વ્હીલર ગાડીના ચાલકની અટકાયત કરી પોલીસે બે ફોર વ્હીલર ગાડી મળી કુલ રૂા.૬,૭૯,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જ્યારે બોલેરો ફોર વ્હીલર ગાડીના ચાલક અને ક્લીનર સહિત કુલ ૮ ઈસમો વિરૂધ્ધ પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ આરંભ કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૨૩મી નવેમ્બરના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે દાહોદના કતવારા બજારમાં આગાવાડા રોડ પર પોલીસ નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતી હતી. ત્યારે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક બોલેરો પીકઅપ ફોર વ્હીલર ગાડી તેમજ તેનું પાયલોટી કરી રહેલ અન્ય એક ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી. ત્યારે દુરથી પોલીસને જોઈ બંન્ને ગાડીઓના ચાલકોએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે બંન્ને ગાડીઓનો ફિલ્મ ઢબે પીછો કરી જેમાં બોલેરો ફોર વ્હીલર ગાડીનું પાયલોટીંગ કરી રહેલ અન્ય એક ફોર વ્હીલર ગાડીના ચાલક રાકેશભાઈ સોમલાભાઈ ભાભોર (રહે.મધ્યપ્રદેશ) નાને ઝડપી પાડ્યો હતો. જ્યારે બોલેરો ફોર વ્હીલર ગાડીના ચાલક તથા ક્લીનર પોતાના કબજાની બોલેરો ફોર વ્હીલર ગાડી સ્થળ પર મુકી નાસી ગયાં હતાં. પોલીસે બોલેરો ફોર વ્હીલર ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂનો કુલ રૂા.૩,૨૪,૦૦૦નો પ્રોહી જથ્થો કબજે કરી ઝડપાયેલ ઉપરોક્ત ઈસમને પોલીસે પોલીસ મથકે લાવી પુછપરછ કરતાં આ વિદેશી દારૂની હેરાફેરીમાં બોલેરો ફોર વ્હીલર ગાડીના ચાલક, તેનો ક્લીનર, લાલુભાઈ ભીમાભાઈ ભાભોર, આકીયાભાઈ પરમાર, જીતુભાઈ રામાભાઈ હઠીલા (તમામ રહે. મધ્યપ્રદેશ) અને પ્રોહી મુદ્દામાલ મંગાવનારની મદદથી એકબીજાના મેળાપીપણામાં આ વિદેશી દારૂના જથ્થાની હેરાફેરી તેમજ પાયલોટીંગ કરી રહ્યો હોવાની કબુલાત કરતાં આ સંબંધે કતવારા પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના સીમલીયાખુર્દ ગામે સરપંચના વોટ આપવા ઝગડાની અદાવત ધિંગાણું કરતા ૧ ઈજાઓ

દાહોદ,

દાહોદ તાલુકાના સીમલીયાખુર્ગ ગામે સરપંચની ચુંટણીમાં વોટ આપવા મામલે થયેલ ઝઘડા તકરારમાં એકને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવ્યું હોવાનું જાણવા મળે છે.દાહોદ તાલુકાના સીમલીયાખુર્દ ગામના ગામતળ લબાના ફળીયામાં રહેતા હાડા કાંતીભાઈ લુણાભાઈ જે કતવારા લચ્છેલી ચોકડી પર એમના ઘરે સીમલીયાખુર્દ ગામે જવા માટે ગતરોજ પેસેન્જર રીક્ષાની રાહ જોઈ ઉભા હતા. તે દરમિયાન સીમલીયાખુર્દ ગામના રાયણ ફળીયામાં રહેતા લાલુભાઈ નસીયાભાઈ અમલીયાર, કાંતીભાઈ લુણાભાઈ હાડા પાસે આવી કહેવા લાગેલ કે, તૂ આ વખતે સરપંચની ચૂંટણીના કોને વોટ આપવાનો છે. ત્યારે કાંતીભાઈએ કહ્યું કે હું કોઈને પણ વોટ આપું મારી મરજી તૂ પૂછવા વાળો કોણ ત્યારે લાલુ ભાઈ ઉશ્કેરાઈ જઈ કાંતીભાઈને બેફામ ગાળો બોલી કાંતીભાઈને ગડદાપાટુનો માર મારતા તેઓને પેટના નીચેના ભાગે માર વાગી જતા તેઓ જમીન પર પડ્યા હતા.લાલુ ભાઈ કાંતીભાઈને જેમાં તેમ ગાળો બોલી માર મારતા જોઈ આસપાસના લોકો એકઠા થયા અને ઈજાગ્રસ્ત કાંતિભાઈને સારવાર માટે દાહોદના ઝાયડસ હોસ્પિટલ લાવી પોલીસને જાણ કરવામાં આવતાં આ સંબંધે પોલીસે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે.

# ઝાલોદ પાલિકાના અણઘડ વહીવટથી લોકોમાં નારાજગીઃહાઈવે પર આડેધડ કામોથી હાલાકી

ઝાલોદ નગર પાલિકાની કામ કરવાની નીતિરીતિના કારણે શહેરમાં લોકોને અનેક મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ઘણા સમયથી વહીવટદાર શાસનથી લોકો ત્રસ્ત બન્યા છે.પાલિકા બોર્ડના પ્રાદેશિક કમિશનર ઝાલોદ શહેરમાં ઓચિંતી મુલાકાત લઈને શહેરીજનોના સમસ્યા સંબધિત અભિપ્રાય મેળવે તો પાલિકાની કામગીરીની પોલ બહાર આવવાની શક્યતાઓ છે.

ઝાલોદ,

દાહોદ જીલ્લાની ઝાલોદ નગર પાલિકાની કામગીરી ઘણા સમયથી વિવાદમાં જોવા મળી છે. પાલિકાના ચીફ ઓફિસર અને ઈજનેર રોડ રસ્તા અને કોન્ટ્રાક્ટના કામોમાં અણઘડ વહીવટ કરતા હોવાથી રોષ જોવા મળ્યો છે. પાલિકામાં વહીવટદાર શાસનમાં શહેરીજનો ત્રાસી ગયા હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં સમસ્યા દૂર કરવાની જગ્યાએ સમસ્યામાં વધારો થતો જોવા મળે છે. પ્રભુતા પાર્ટી પ્લોટ પાસે હાઈવે પર ખાડા ખોદી નાખવામાં આવતા કાદવ-કીચડથી રાહદારીઓ પરેશાન બન્યા હતા. તેમજ પાલિકના ઈજનેર દ્વારા નવીન બનાવેલ સીસી રસ્તાનું લેવલ પ્રમાણે બનાવવામાં ન આવતા નવો રસ્તો ખાડામાં બેસી ગયેલો જોવા મળેલ છે. લાખ્ખોના ખર્ચે બનાવેલ રસ્તો લેવલીંગ ન જાળવતા શહેરમાં ચર્ચાનો વિષય બન્યો હતો. પાલિકાના અધિકારીઓ શહેરીજનોને સુવિધાનું આયોજન કરવાનું હોય ત્યારે સમસ્યા અપાતા હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં ધૂળ, ગંદકી , ડોર ટુ ડોર કચરા કલેશન વાહનની અનિયમિતતા જેવા શહેરમાં અનેક પ્રશ્નો છે. ત્યારે પાલિકા ક્યારે એક્શનમાં આવીને સમસ્યા દૂર કરશે એ મોટો સવાલ જોવા મળ્યો છે.

# પંચમહાલ જીલ્લાની ૧૩ ઘરફોડ ચોરીના ગુનાના ત્રણ ઈસમોને દાહોદ માતવા જંગલ માંથી ઝડપ્યા

દાહોદ,

દાહોદ જીલ્લા તેમજ પંચમહાલ જીલ્લામાં જુદી જુદી જગ્યાએ મળી કુલ ૧૩ ઘરફોડ ચોરીના ગુન્હાઓમાં સંડોવાયેલ ત્રણ ઈસમો દાહોદના માતવા ગામે જંગલ વિસ્તારમાં ભેગા થઈ ચોરીના મુદ્દામાલની વહેંચણી કરતાં હોવાની બાતમી દાહોદ એલસીબી પોલીસને મળતાંની સાથે પોલીસે સ્થળ પર ઓચિંતો છાપો મારતાં જેમાં ત્રણ આરોપીઓને ઝડપી પાડી તેઓની પાસેથી ચોરીમાં ગયેલ સોના-ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપીયા મળી કુલ રૂા.૭,૦૩,૧૪૪નો મુદ્દામાલ કબજે કરી ત્રણેય આરોપીઓને જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવ્યાં હતાં.

દાહોદ જીલ્લામાં તેમજ આસપાસના જીલ્લાઓમાં છેલ્લા ઘણા સમયથી ઘરફોડ ચોરી સહિતના બનાવોમાં ઘરખમ વધારો નોંધાંવવા પામ્યો હતો. નાવની ગંભીરતાને ધ્યાનમાં લઈ દાહોદ જીલ્લા પોલીસ વડા દ્વારા દાહોદ જીલ્લાની તમામ પોલીસને આપવામાં આવેલ સુચના તેમજ માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લાની તમામ પોલીસ આવા ગુન્હાઓને શોધી કાઢવા માટે કામગીરી કરી રહી છે. ત્યારે ગતરોત દાહોદ એલસીબી પોલીસને હ્યુમન સોર્સ અને ટેકનીકલ સોર્સના માદ્યમથી મળેલ બાતમીના આધારે દાહોદ જીલ્લા તેમજ પંચમહાલ જીલ્લામાં જુદી જુદી જગ્યાઓ મળી કુલ ૧૩ સ્થાનોમાં ઘરફોડ ચોરીઓને અંજામ આપનાર આરોપીઓ દાહોદના માતવા ગામે જંગલમાં બનાવવામાં આવેલ ઓરડીમાં ચોરીના મુદ્દામાલની વહેંચણી એટલે કે, ભાગ પાડવા માટે ભેગા થનાર છે. આ




બાતમીના આધારે પોલીસે વિસ્તારમાં વોચ ગોઠવી ઉભા હતાં ત્યારે આ ૧૩ ઘરફોડ ચોરીઓને અંજામ આપનાર આરોપીઓ મનુભાઈ ઉર્ફે મનીયા મડીયાભાઈ પલાસ, રમસુભાઈ કાળીયાભાઈ કળમી (બંન્ને, રહે. માતવા, તા.ગરબાડા, જી.દાહોદ) અને કેશુભાઈ ધનાભાઈ કોચરા (રહે. વજેલાવ, ભુતવડ ફળિયા, તા.ગરબાડા, જી.દાહોદ) નાઓ જંગલમાં બનાવેલ ઓરડીમાંથી ઝડપી પાડી સ્થળ પરથી પોલીસે ચોરીમાં ગયેલ સોના-ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપીયા મળી પોલીસે કુલ રૂા.૭,૦૩,૧૧૪નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઉપરોક્ત ઝડપાયેલ ત્રણ આરોપીઓએ પોતાના સાગરીતો સાથે મળી દાહોદ જીલ્લાના લીમખેડા, દાહોદ તાલુકા, લીમડી, પંચમહાલના મોરવા, પંચમહાલના શહેરા, પંચમહાલના ગોધરા,, પીપલોદ, દુધિયા, સ્થળોએ મળી કુલ ૧૩ ચોરીઓને અંજામ આપ્યો હોવાની પોલીસ સમક્ષ કબુલાત કરી હતી. પોલીસે ઉપરોક્ત ત્રણેય આરોપીઓ વિરૂદધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તેઓના અન્ય સાગરીતોના પણ ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.80

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# હાલોલના અરાદ રોડ ઉપર પાલિકાના શોપીંગ સેન્ટરની ૪૯ દુકાનોના બાંધકામ દુર કરવા નોટીસ અપાઈ

## ગામ તળાવના બ્યુટીફિકેશન માટે પાલિકા શોપીંગ સેન્ટરની દુકાનો દુર કરાશે.



હાલોલ,

હાલોલ નગર પાલિકા દ્વારા અરાદ રોડ પર તળાની પાળ ઉપર ઉભા થયેલા શોપીંગ સેન્ટરમાં દુકાનો અને કેબીનો સહિત ૪૯ કબ્જેદારોને ૭ દિવસમાં જગ્યા ખાલી કરવા નોટીસ ફટકારવામાં આવી છે.

હાલોલ નગર પાલિકા દ્વારા ૧૯૮૬માં અરાદ રોડ ઉપર તળાવની પાળ ઉપર શોપીંગ સેન્ટરો બનાવી દુકાનો ડિપોઝીટ લઈને ભાડા પેટેલ આપેલ હતી. તળાવની પાળ પર પાકા બાંધકામ તેમજ જે તે સમયના કરાર ખતમાં શરતમાં દર્શાવ્યા મુજબ જયારે નગર પાલિકાને જગ્યાની જરૂરીયાત જણાય ત્યારે પાલિકાને જગ્યા ખાલી કરી આપવાની રહેશે. કોઈપણ બાંધકામ કરવાનું રહેશે નહિ તે મુજબ નક્કી કરેલ શોપીંગ સેન્ટરનું બાંધકામ કરવામાં આવેલ હતું. આ બાંધકામ શહેરના વોટર બોડી પર આવેલ હોય છે અને આ તળાવને બ્યુટીફિકેશનમાં લીધેલ હોય ત્યારે હાલોલ ગામ તળાવની પાળ ઉપર આવેલ કાચા-પાકા કેબીનો સહિતના ૪૯ દુકાનદારોને નોટીસ આપી દુકાનો નોટીસ મળ્યાના ૭ દિવસમાં ખાલી કરવા જાણ કરવામાં આવી છે. જો શોપીંગ સેન્ટરના દુકાનદારો દુકાનો ખાલી નહિ કરે તો પાલિકા દ્વારા દુકાનદારોના ખર્ચે અને જોખમે બાંધકામ દુર કરવામાં આવશે. તેવો પાલિકા દ્વારા નોટીસમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હાલોલ પાલિકા દ્વારા જે તે સમયે તળાવની પાળ ઉપર શોપીંગ સેન્ટર બનાવી ડીપોઝીટ લઈને ભાડા પેટે આપેલ હતા અને આ શોપીંગ સેન્ટરની વય મર્યાદા પુરી થઈ ગઈ છે. તેમજ જે તે સમયે તળાવની પાળ ઉપર શોપીંગ સેન્ટરના બાંધકામ વખતે સરકારની પૂર્વ મંજુરી પણ લીધી ન હતી. જે સરકારી નિયમોનુસાર ગેરકાયદેસર બાંધકામ હોય જેને લઈ પાલિકા દ્વારા બનાવેલ શોપીંગ સેન્ટર ૧ અને ૨ ના બાંધકામ વહિવટી પ્રક્રિયા કરી દુર કરાશે. હાલોલ અરાદ રોડ ઉપર તળાવની પાળના પાલિકાના શોપીંગ સેન્ટરની દુકાનો અને કેબીનો દુર કરવાની નોટીસ આપવામાં આવતાં હાલોલ નગરમાં ગેરકાયદેસર દબાણો દુર કરવાની પાલિકાની કટીબધ્ધ હોય તેમ જણાય છે.

## ગોધરા રામસાગર તળાવના બ્યુટીફિકેશન માટે ગ્રાન્ટ આવવા છતાં કામગીરી કરવાના સ્થાને વિકાસ ફાળો લઈ દુકાનો લાંબી કરવામાં રસ...

હાલોલ નગર પાલિકા દ્વારા અરાદ રોડ ઉપર તળાવની પાળ ઉપર બનેલ પાલિકાના ૪૯ દુકાનો અને કેબીનોવાળા શોપીંગ સેન્ટરના દુકાનદારોને નોટીસ આપી ૭ દિવસમાં ખાલી કરવા જણાવવામાં આવ્યું છે. કારણ કે, ગામ તળાળને બ્યુટીફિકેશનમાં લીધેલ છે અને વોટર બોડી ઉપર ગેરકાયદેસર બનેલ હોય જેને લઈ બાંધકામ દુર કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. જ્યારે બીજી તરફ ગોધરા શહેરના મધ્યમાં આવેલ રામસાગર તળાવની ફરતે પાલિકાના શોપીંગ સેન્ટરના તળાવને ઢાંકી દેવામાં આવ્યું છે અને આ પણ ઓછું હોય તેમ પાલિકા દ્વારા જે તે સમયે નિયત બાંધકામવાળી દુકાનો બનાવવામાં આી હતી. તેમાં પણ ગોધરા પાલિકા તંત્ર પાલિકા શોપીંગ સેન્ટરના દુકાનદારો પાસેથી વિકાસફાળો લઈને રામસાગર તળાવના અંદરાના ભાગે બાંધકામ માટે મૂક મંજુરી આપી દેવામાં આવે છે. ગોધરાના રામસાગર તળાવના બ્યુટીફિકેશન માટે ગ્રાન્ટ ફળવાયેલ હોય પણ પાલિકાના સત્તાધિશો તળાવના બ્યુટીફિકેશનની કામગીરી કરવામાં નિષ્ફળ રહ્યા છે. તે જોતાં હાલોલ પાલિકાની કામગીરી સારી ગણાવી શકાય.

# વેજલપુરના સગીર યુવક સાથે સૃષ્ટિ વિરૂદ્ધ કૃત્ય અને હત્યાના ગુનામાં બે આરોપીને પોલીસે ઝડપી કોર્ટ રજુ કરી ૪ દિવસના રીમાન્ડ મેળવ્યા



વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામના મોટા મહોલ્લા ખાતે રહેતા સગીર વયના યુવક ઉપર તેમજ મિત્રોએ ભેગા મળી સગીરને બાઈક ઉપર બેસાડી હોટલમાં જમવાના બહાને લઈ ગયા હતા અને સગીર યુવકને અવારું જગ્યા ઉપર લઈ જઈ બળજબરી પૂર્વક સૃષ્ટી વિરૂદ્ધનું કૃત્ય કરીને ગળુ દબાવી હત્યા કરી દેવામાં આવી હતી. પોલીસે ફરાર થયેલ આરોપી પૈકી બે આરોપીને ગણતરીના કલાકોમાં અટકાયત કરી કોર્ટમાં રજુ કરી ૪ દિવસના રીમાન્ડ મંજુર કરવામાં આવ્યા હતા.કાલોલ તાલુકાના વેજલપુર ગામના મોટા મહોલ્લા ખાતે રહેતા આરોપી ઈસમોએ સગીર યુવકને હોટલમાં જમવા લઈ જવાને બહાને બાઈક ઉપર બેસાડી લઈ ગયા હતા અને સગીર વયના યુવકને આરોપી મિત્રો ચલાલી રોડ ઉપર આવેલ મહાદેવ મંદિર પાસે પ્લોટીંગવાળી જગ્યાની પાછળ લઈ ગયા હતા અને સગીર યુવકના બળજબરી પૂર્વક કપડાં ઉતારીને સૃષ્ટી વિરૂદ્ધનું કૃત્ય આચરવામાં આવ્યું હતું. બાદમાં સગીર યુવકનું ગળું દબાવી હત્યા કરી નાખી હતી અને મૃતદેહને તળાવમાં ફેંકી દેવામાં આવ્યો હતો. તેવી ફરિયાદ વેજલપુર પોલીસ મથકે મૃતક યુવકના પિતા દ્વારા ત્રણ આરોપી વિરૂદ્ધ નોંધાવી હતી. વેજલપુર પોલીસે ગુનો નોંધી સગીર યુવકની સૃષ્ટી વિરૂદ્ધનું કૃત્ય કર્યા બાદ હત્યા કરી નાશી છુટેલ ત્રણ આરોપીઓને ઝડપી પાડવા માટે વેજલપુર પોલીસ મથકના પી.આઈ. એમ.બી.ગઢવી તથા પોલીસ સ્ટાફ આરોપીઓને ઝડપી પાડવાનો ધમધમાટ શરૂ કર્યો હતો અને ગણતરીના કલાકમાં સગીર યુવક સાથે સૃષ્ટી વિરૂદ્ધનું કૃત્ય અને હત્યા કરનાર આરોપીઓ આરીફ ઉર્ફે ડીંગુ યાકુબ પઠાણ અને ઈમરાનભાઈ ઉર્ફે ઈનામ કરીમભાઈ પાથીયાને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપી પાડવામાં આવેલ બન્ને આરોપીને કોર્ટમાં રજુ કરવામાં આવ્યા અને રીમાન્ડની માંગણી કરતાં કોર્ટ દ્વારા બન્ને આરોપીઓના ૪ દિવસના રીમાન્ડ મંજુર કરવામાં આવ્યા. પોલીસ આરોપીઓને કસ્ટડીમાં લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# વડોદરા પ્રાદેશિક કમિશ્નરની સુચનાથી ગોધરા, શહેરા, દે.બારીયા પાલિકાના સેનેટરી વિભાગે સિંગલ યુઝ પ્લાસ્ટીકનો જથ્થો ઝડપ્યો

## ગોધરા સેનેટરી વિભાગે ૩૦૦ કિલો સીંગલયુઝ પ્લાસ્ટીકનો જથ્થો ઝડપ્યો.



ગોધરા,

ગોધરા શહેરના ગીદવાણી રોડ ઉપર ગેરકાયદેસર રીતે સીંગલ યુઝ પ્લાસ્ટીકનો વેચાણ કરતા વેપારીઓની દુકાન ઉપર સેનેટરી વિભાગ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ગોધરામાં ૬ જેટલા વેપારીઓ પાસેથી ૨૫૦ કિલો સીંગલ યુઝ પ્લાસ્ટીકનો જથ્થો સીઝ કરી ૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦ રૂપીયાનો દંડ કરવામાં આવ્યો.વડોદરા જીલ્લા પ્રાદેશિક કમિશ્નર એસ.પી.ભગોરા ના.માર્ગદર્શન હેઠળ ગોધરા પાલિકા, શહેરા નગર પાલિકા અને દે.બારીયા નગર પાલિકાના સેનેટરી વિભાગ દ્વારા સીંગલ યુઝ પ્લાસ્ટીકનું વેચાણ કરતાં સ્થળે ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ગોધરા નગર પાલિકા સેનેટરી વિભાગ સીંગલ યુઝ પ્લાસ્ટીકનું વેચાણ કરતાં સ્થળે ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ગોધરા નગર પાલિકા સેનેટરી વિભાગની ટીમે ગીદવાણી રોડ ઉપર જેટલા વેપારીઓને ત્યાં રેઈડ કરવામાં આવી હતી. પાલિકા ટીમે ૫૧ અને ૭૫ માઈક્રોન થી નીચે પ્લાસ્ટીક થેલીઓ, પ્લાસ્ટીકના ગ્લાસ સહિત ૩૦૦ કિલો થી વધુ જથ્થો કબ્જે લેવામાં ૨૫ થી ૩૦ હજારનો સીંગલ યુઝ પ્લાસ્ટીકનો જથ્થો કબ્જે લેવામાં આ રીતે શહેરા, દે.બારીયા પાલિકા દ્વારા પણ સીંગલ યુઝ પ્લાસ્ટીકનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો.

# ગોધરામાં મારૂતી ફાઈનાન્સના ત્રણ આરોપીઓને લોન આપવાનું કહી ક્રેડીટ કાર્ડ માંથી ૪.૮૦ લાખ વાપરી નાખી છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાઇ

ગોધરા,

ગોધરા શહેરના લુણાવાડા હાઈવે રોડ ઉપર આવેલ મારૂતી ફાઈનાન્સના આરોપીઓ દ્વારા ફરિયાદી બહેનને લોન કરી આપવાનું કહીને આધારકાર્ડ, પાનકાર્ડ, ફોનની માહિતી તેમજ ઈમેલ આઈડી મેળવી હતી. ક્રેડીટ કાર્ડ કઢાવી ક્રેડીટ કાર્ડ કરી આપવા વિશ્વાસમાં લીધા હતા. ફોન લઈ જઈ ક્રેડીટ કાર્ડ માંથી રૂા.૪,૮૦,૦૦૦/- વાપરી નાખી પરત નહિ આપી વિશ્વાસઘાત છેતરપિંડી કર્યાની ફરિયાદ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે.પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેરના લુણાવાડા રોડ ઉપર આવેલ મારૂતી ફાઈનાન્સના આરોપીઓ ભેગા મળી ફરિયાદી જમલીબેન ફુલસીંગ રૂપસીંગ ચૌહાણ અને ગીરીશભાઈને આરોપી દશરથ રાવળ (રહે. એલ-૫૦૧,હરીકૃષ્ણ રેસીડન્સી વેલંજા ઉમરા ફારૂક સાયણ, સુરત)એ લોન કરી આપવાનું કહી ઓફિસ ઉપર બોલાવ્યા હતા અને ફરિયાદી બેનના આધારકાર્ડ, પાનકાર્ડ, ફોનની માહિતી તેમજ ઈ-મેલ આઈડીની માહિતી મળેવી હતી અને ક્રેડીટકાર્ડ કઢાવી આપી અન્ય આરોપીઓ નિખીલ દિનેશભાઈ મકવાણા (રહે. હરીદર્શન સોસાયટી શેખપુર કામરેજ, સુરત), કેતન વેંકટીયા (રહે. ૧૪૬-શુભમ રો હાઉસ ઉમરા, સાયણ રોડ, સુરત)ઓ પોતાનો ઉદ્ધેશ પાર પાડવા માટે ફરિયાદી બેન સાથે ઠગાઈ કરી લોન કરી આપવાનું કહી ક્રેડીટકાર્ડ બંધ છે તે ચાલુ કરવું પડશે તે પછી લોન મળશે તેમ કહી લોનની લાલચ આપી હતી. ફરિયાદ બેનનું ક્રેડીટકાર્ડ તથા ફોન લઈ જઈ ફરિયાદી જમલીબેન ફુલસીંગ ચૌહાણનું ટાટા ન્યુ ઈફીનીટી એચ.ડી.એફ.સી. ક્રેડીટ કાર્ડ નંબર ૪૦૨૩૫૯૦૦૦૦૬૪૦૫૭૮ માંથી રૂપીયા ૪,૮૦,૦૦૦/- અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી લીધેલ હતા. ફરિયાદી બહેનને બેન્ક દ્વારા જાણ છતાં ગીરીશભાઈ અને ફરિયાદી બેને ક્રેડીટકાર્ડ માંથી ઉપડેલ નાણા પરત આપવાનું જણાવતા આરોપીઓએ થોડા સમયમાં પરત આપવાનું જણાવેલ હતું અને નાણાં પરત નહિ આરોપીઓએ રૂા. ૪,૮૦,૦૦૦/- વાપરી નાખી ખોટા ખોટા વાયદા કરી નાણાં પરત નહિ આપતા આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે મારૂતી ફાઈનાન્સના ત્રણ આરોપી વિરૂદ્ધ છેતરપિંડી વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવા પામી છે.

# પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી એ ગોધરા શહેર અને તાલુકાની સરકારી દુકાનમાં ચેકીંગમાં જાફરાબાદ સરકારી દુકાન માંથી ૧૨ કટ્ટા અનાજના જથ્થા ઘટ મળી



ગોધરા,

પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી અને ટીમ સાથે જીલ્લામાં ૭ સરકારી સસ્તા અનાજની દુકાનમાં આકસ્મિક તપાસ કરવામં આવી હતી. તપાસ દરમિયાન જાફરાબાદ સસ્તા અનાજની દુકાનના ચેકીંગ દરમિયાન ઘઉં, ચોખા, બાજરીના ૧૨ ઘટ સાથે આવતાં આ બાબતે પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણા અને ટીમ દ્વારા ગોધરા શહેરમાં સી.ઓ.કલવાણી તેમજ ગ્રામ્ય જાફરાબાદ, પરવડી, ગઢ, વડેલાવ, શનિયાડા, તળાવ મહુડા મળી ૭ સરકારી સસ્તા અનાજની દુકાનો ઉપર આકસ્મિક ચેકીંગ કરવામાં આવ્યું હતું. તપાસમાં ગોધરા તાલુકાના જાફરાબાદ સસ્તા અનાજની દુકાનના સંચાલક પ્રતિમાબેન પી. પરમારની દુકાનમાં ચેકીંગ કરતાં ઘઉં-૬૩ કિલો ૧ કટ્ટાની ઘટ, ચોખા ૧૩૫ કિલો ૩ કટ્ટાની ઘટ તથા બાજરી ૪૦૦ કિલો ૮ કટ્ટાની ઘટ મળી આવેલ હતી. તપાસમાં ગોધરા તાલુકામાં ચોખા, ઘઉં, બાજરી મળી કુલ ૧૨ કટ્ટાની ઘટ કિંમત ૧૮,૬૨૦/-રૂા. ઝડપી પાડવામાં આવી હતી. જાફરાબાદ સરકારી સસ્તા અનાજની દુકાનના જથ્થામાં મળેલ ઘટ અંગે સંચાલક પ્રતિમાબેન પી. પરમાર સામે નિયમોનુસાર કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી.

# ઘોઘંબા તાલુકાના સમસર ગામ ભીલોડના બુથ પ્રમુખ તરીકે જયપાલસિંહ રાઠોડની સર્વાનુમતે વરણી




ઘોઘંબા,

સંગઠન પર્વ ૨૦૨૪ અંતર્ગત આજ રોજ પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના ''સમરસ'' ગામ ભીલોડ ખાતે ભારતીય જનતા પાર્ટી પંચમહાલ જીલ્લાના સંગઠન પર્વના ચૂંટણી અધિકારી કરસનભાઈ ગોંડલિયાની અદયક્ષતામાં ''સમરસ'' ગ્રામ પંચાયત ભિલોડ બુથ નંબર-૨૬૨માં બુથ પ્રમુખ તરીકે જયપાલસિંહ રાઠોડની સર્વાંનુમતે વરણી કરવામાં આવી. જેમાં ભારતીય જનતા પાર્ટીનાં પ્રમુખઅશ્વિનભાઈ પટેલ તેમજ તાલુકા ભાજપના સૌ હોદ્દેદારો અને બુથ સમિતીના હોદ્દેદારો, પેજ પ્રમુખ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતા. બૂથ પ્રમુખ તરીકેની જવાબદારીને ને લઈ આટલા ઉત્સાહ સાથે ચૂંટણી અધિકારી કરસનભાઈ ગોંડલિયા તથા ભાજપ પ્રમુખને રથમાં બેસાડી વરઘોડો કાઢનાર યુવા નેતા જયપાલસિંહ રાઠોડ રથ ના સારથી બની રથ ને સારી રીતે સભા સ્થળે લઈ ગયા હતા. જયપાલસિંહ સારથી અને ભાજપના સિનિયર નેતાઓ સવાર થયેલા આ દ્રશ્ય જોઈને પ્રતીત થતું હતું કે દેશ અને તાલુકાનું શુકાન આવા યુવાન અને ઉત્સાહી નેતાઓના હાથ માં સોંપાઈ તો ભાજપની પ્રગતિ માં સો ગણો વધારો થાય યુવાઓજ આવતી કાલના ભાજપનું ભવિષ્ય છે. ઘોઘંબા ભાજપના કાર્યકરો અને હોદ્દેદારોમાં ચર્ચા હતી કે સંગઠન પર્વની આટલી ભવ્ય ઉજવણી અને તે પણ ટૂંકાગાળામાં આટલી જનમેદની સાથે એ તો જયપાલસિંહ રાઠોડ જ કરી શકે.

# શહેરા ના ધામણોદના મુવાડી પાસે ૫૦ ઉપરાંત ગામોને જોડતા રસ્તા પર ભુવો પડતા વાહન ચાલકોને અકસ્માત થવાનો ડર સતાવી રહયો



શહેરા,

શહેરાના ધામણોદના મુવાડી થી ખોખરી થઈને મોરવા હડફ તરફ જવાના રસ્તા ઉપર ભુવો પડચો હોવાથી વાહન ચાલકોને અકસ્માત થવાનો ડર સતાવી રહયો હતો. જોકે ૫૦ ઉપરાંત ગામને જોડતો આ રસ્તો હોવા સાથે દિવસ અને રાત્રી દરમિયાન વાહનોની અવરજવર પણ રહેતી હોય છે. શહેરા ના ધામણોદ થી ખોખરી થઈને મોરવા હડફ તરફ જવાના રસ્તા ઉપર ભૂવો પડચો હતો. ધામણોદના મુવાડી પાસે પસાર થતા રસ્તા પર ત્રણ ફૂટ પહોળાઈ અને લંબાઈ ધરાવતો ભુવો પડચો હોવાથી વાહન ચાલકોને અકસ્માત થવાનો ડર રહેતો હોય છે. રાત્રિના સમયે રસ્તા પર પડેલા મસમોટા ખાડા ના કારણે બાઈક જેવા વાહનો પડી જવાના પણ બનાવો બનવા પામ્યા હોવાનું અહીંના સ્થાનિક લોકો પાસેથી જાણવા મળેલ હતું. સંબંધિત તંત્ર દ્વારા ૫૦ કરતા વધુ ગામોને જોડતો આ રસ્તો હોવાથી તાત્કાલિક આ ખાડાને પૂરવામાં આવે તો કોઈ મોટી ઘટના બનતી અટકી શકેતો નવાઈ નહિ. આ રસ્તા પર પડેલા ખાડાના કારણે પસાર થતા વાહન ચાલકો ના વાહનોને પણ નુકશાન થવાની શકયતાઓ પણ રહેલી છે. સંબંધિત તંત્ર દ્વારા આ ઉપરોકત બાબતને ગંભીરતાથી લઈને આ રસ્તા પર પડેલા ખાડાની મરામતની કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવે તે પણ હાલની પરિસ્થિતિને જોતા અત્યંત જરૂરી છે.

# શહેરાના બોરીઆવી ગામમા એક વર્ષ ઉપરાંત થી નમી ગયેલ વીજ થાંભલાના કારણે સ્થાનિક લોકોમાં ડર

શહેરા,

શહેરાના બોરીઆવી ગામના માજી સરપંચ ફળીયા પાસે પસાર થતા રસ્તાને અડીને એક વર્ષથી નમી ગયેલ જીવંત વીજ વાયર વાળો વીજ થાંભલા ના કારણે અહી કોઈ મોટી ઘટના બને તે પહેલા સંબંધિત તંત્ર આની કામગીરી હાથ ધરવામાં આવે તે જરૂરી છે. જાગૃત ગ્રામજન દ્વારા આ બાબતે અનેક રજૂઆતો કરવા છતાં એમ.જી.વી.સી.એલ તંત્ર દ્વારા કોઈ ગંભીરતા લેવામાં આવી નથી.શહેરાના બોરીઆવી ગામના માજી સરપંચ ફળિયા પાસે પસાર થતા રસ્તાને અડીને પાછલા એક વર્ષથી જીવંત વીજ વાયર વાળો વીજ પોલ નમી ગયેલ છે. રહેણાંક વિસ્તારમાં નમી ગયેલ વીજ થાંભલાને લઈને અહીંના સ્થાનિકો દ્વારા અનેક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં એમ.જી.વી.સી.એલ દ્વારા આ બાબતે કોઈ ગંભીરતા લેવામાં આવી નથી. જોકે રસ્તાને અડીને નમી ગયેલો વીજ થાંભલો હોઈ તેમજ દિવસ અને રાત્રિ દરમિયાન નાના મોટા વાહનોની અવરજવર પણ રહેતી હોય છે. વીજ થાંભલો નમી જવા સાથે આ વિસ્તારમાં અમુક જગ્યાએ નમેલા જીવંત વીજ વાયર પણ જોવા મળી રહયા હતા. બોરીયાવી ગામના વિસ્તારમાં જોવા મળતા દ્રશ્યો પરથી એમ.જી.વી.સી.એલ કચેરી દ્વારા કરવામાં આવતી મેન્ટેનન્સની કામગીરી સામે અનેક સવાલો લોકોમાંથી અહીં ઊભા થતા જોવા મળી રહ્યા હતા. માજી સરપંચ ફળિયામાં રસ્તાને અડીને આવેલ જીવંત વીજ વાયર વાળો નમી ગયેલ વીજ થાંભલા ના કારણે કોઈ મોટી ઘટના બને તે પહેલા સંબંધિત તંત્ર આ બાબતે ગંભીરતાથી લઈને તાત્કાલિક અહી જરૂરી કામગીરી હાથ ધરવામાં આવે તે હાલની પરિસ્થિતિને જોતા અંત્યત જરૂરી લાગી રહયુ છે. જોકે, સ્થળ પર ઉભેલ અરવિંદભાઈ ડાભી અને પ્રતાપભાઈ ડાભી પાસેથી જાણવા મળેલ મુજબ રોડને અડીને જીવંત વીજ વાયર વાળો નમી ગયેલ વીજ થાંભલો એક વર્ષ થી આજ પરિસ્થિતમાં છે. નમી ગયેલ વીજ થાંભલો ઘર ઉપર પડી શકે તેમ હોવાથી અમારા દ્વારા એમ.જી.વી.સી.એલ કચેરી ખાતે ઘણી વખત રજૂઆત કરી પણ અમારૂ કોઈ સાંભળતું નથી. અચાનક વીજ થાંભલો પડી જાય તો કોઈ દુર્ઘટના બને તો જવાબદાર કોણ તેવા અનેક સવાલો સ્થાનિક ગ્રામજનોમાં ચર્ચાઈ રહયા છે.